A COURSE

FOR

VILLAGE SUNDAY SCHOOLS

ગામડાંની

સાબ્બાથશાળાને સારૂ અભ્યાસક્રમ

કિમ્મત બે આના.

A COURSE
FOR
VILLAGE SUNDAY SCHOOLS
BY
E. A. AND E. M. ANNETT.

TRANSLATED INTO GUJARATI
BY
REV. I. S. LONG.

ગામડાંની
સાબ્બાથશાળાને સારૂ અભ્યાસક્રમ
આન્નેટ સાહેબકૃત.

ભાષાંતરકર્તા: રેવ. આઈ. એસ. લૉંગ.

સુરત:

ગુજરાતની ધર્મપુસ્તકપ્રસારક મંડળીને સારૂ ઍરિશ મિશન
છાપખાનામાં જે. એફ. સ્ટીલે છાપ્યો તથા પ્રસિદ્ધ કર્યો.

ઈ. સ. ૧૯૧૬.

પ્રત ૧,૦૦૦] [કિંમત બે આના.

પ્રસ્તાવના.

ઘણે સ્થળેથી આવેલી માગણીઓના જવાબમાં સહેલા પાઠાનો આ અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. ગામડાંનાં અભણ (અથવા બીજી રીતે ખ્રીસ્તી ધર્મની સત્યતા સંબંધી અજ્ઞાન) છોકરાંને સારૂ ઘણી સાબ્બાથશાળાઓ છે, કે જ્યાં સાબ્બાથશાળાના પાઠો જો કે ઘણા ઉત્તમ છે, તો પણ વિશેષ લાભકારક નીવડતા નથી—એમ કેટલાક ધારે છે. ખ્રીસ્તી ધર્મની સૌથી અગત્યની વાતોનું નિયમિત શિક્ષણ આપવાની જરૂર છે, અને વળી તે બહુજ સરળતાથી આપવું જોઇએ. આ કારણને લીધે આ અભ્યાસક્રમના જુદા જુદા ખંડાનું સર્વ શિક્ષણ વાર્તારૂપે આપેલું છે. આ ખાસ મતલબથી કરેલું છે, કારણ કે નાનાં છોકરાં આત્મિક સત્યતા માત્ર પ્રત્યક્ષ રૂપમાંજ, એટલે વાર્તામાં, સૌથી સારી રીતે ગ્રહણ કરી શકે છે. શિક્ષણની આ પદ્ધતિમાં અને વાર્તા નિવેદન કરવાની જે યોજના આ લઘુ ગ્રંથમાં વાપરેલી છે, તેમાં માહિતી મેળવવા માટે ઇન્ડીઆ સન્ડે સ્કુલ યુનીયન તરફથી તૈયાર કરાએલા શિક્ષકકેળવણીક્રમ તરફ શિક્ષકનું ધ્યાન ખેંચીએ છીએ. એની વિગત જબલપુર સી. પી. માં રહેનાર ઇન્ડીઆ સન્ડે સ્કુલ યુનીયનના જનરલ સેક્રેટરી તરફથી મળી શકશે. આ સંબંધમાં જે એકજ બોલ ઉમેરવો જોઈએ તે એજ, કે ગમે તેમ કરીને શિક્ષકે વાર્તારૂપ શિક્ષણ કાયમ રાખવુંજ જોઇએ, અને વાર્તા બરાબર કહેવાય તો તેનો હિતોપદેશ કરવો કે તે પર બોધ કરવો તે બિનઅગત્યનું અને નકામું છે.

ખ્રીસ્તને ત્રાતા તરીકે સમજથી અંગીકારવાને છોકરાંને જેટલું જાણવાની જરૂર છે, તેટલું બધું આ ક્રમમાં સમાવવાની મતલબ છે, ને તે બે ત્રણ વખતે પણ બોલી શકાય. સારી વાતો સારીપેઠે કહેવાએલી હોય, તો તે આમ ફરી ફરીને કહેવામાં કંઇ નુકસાન નથી. દરેક ખંડને અંતે પુનરાવર્તન આપવાની મતલબ એ છે કે આખા ખંડના શિક્ષણની ખરેખરી અને સાફ અસર છોકરાંનાં મન પર પડી છે કે કેમ તે જોવાની શિક્ષકને તક મળે, અને દરેક પાઠનો આશય શિક્ષકે ધ્યાનમાં લીધો છે કે કેમ તે પ્રગટ થાય.

ધ્યાનમાં રાખવું કે દરેક પાઠના સોનેરી વાકયને બદલે એક ટુંકો ફકરો અથવા કલમોનો જથ્થો દરેક ખંડને મથાળે આપેલો છે. ખંડના શિક્ષણના સમયમાં છોકરાંએ આ મોઢે કરવાં જોઇએ, અને ખંડના પુનરાવર્તન વખતે તેમનું પણ પુનરાવર્તન કરવું જોઇએ.

સાવચેતીનો એકજ બોલ કહેવો જોઇએ. આ યાદી વર્ગમાં વાપરવા માટે તૈયાર કરેલી નથી, પણ શિક્ષકે ઘેર જે તૈયારી સંપૂર્ણ રીતે કરવી જોઇએ, તેમાં માત્ર મદદરૂપ થવા માટે. વળી દરેક પાઠની જોડે આપેલી શાસ્ત્ર કલમો છોકરાંની આગળ વાંચવા માટે નહિ, પણ માત્ર શિક્ષકના પોતાના અભ્યાસને માટેજ આપેલી છે.

ઇ. એ. આર્નોટ.

અનુક્રમણિકા.

ખંડ પહેલો—દેવ.

ખંડ બીજો—પાપ.

ખંડ ત્રીજો—તારનાર.

ખંડ ચોથો—તારણ.

ખંડ પહેલો—દેવ.

મુખપાઠની કલમો.—ગીતશાસ્ત્ર ૮૪; ૧૧, ૧૨ : ૯૫; ૧-૬ : ૧૦૩; ૧૩.

પાઠ ૧ લો. દેવનું જ્ઞાન.

ઉત્પત્તિની વાત—ઉત્પ. ૧; ૧-૩૧.

પાઠનો હેતુ.—કુદરતના સૌંદર્ય વડે છોકરાંને દેવનું જ્ઞાન તથા દેવનો મહિમા બતાવવાનો.

પ્રસ્તાવના.—જે જુદાં જુદાં પશુપંખી અને ફૂલોનાં નામો છોકરાંને આવડતાં હોય, તેનાં નામ તેમની પાસે કહેવડાવો. પછી કહો કે એ બધાં કેવી રીતે ઉત્પન્ન કરાયાં, તેની વાત હું તમને કહું છું.

વાર્તા.—ઝાડો, પંખીઓ, પાણીમાંનાં માછલાં, અને પશુઓને કોણે ઉત્પન્ન કીધાં, એ વિષે તમે શું ધારો છો? ઘણાં વર્ષો ઉપર દેવે પહેલવહેલાં આ બધાં વાનાં ઉત્પન્ન કર્યાં, કારણ કે, એક વખતે શોભાયમાન ફૂલવાળાં સુંદર લીલાં ઝાડો મુદ્દલે ન હતાં; અને પુરૂષ, સ્ત્રી, કે છોકરાં સરખાં પણ ન હતાં. માત્ર દેવ એકલોજ હતો. આ સુંદર જગત ઉત્પન્ન કરવાનું તેણે નક્કી કર્યું. દેવે જગત શી રીતે બનાવ્યું એ વિષે તમે શું ધારો છો? ઠીક, ત્યારે હું તમને કહું છું.

અજવાળું બિલકુલ ન હતું, માટે સૌથી પહેલાં દેવે અજવાળું બનાવ્યું, કારણ કે અજવાળા વગર તો જીવ કે શોભા હોઈ શકેજ નહિ. તેથી દહાડા ને રાત બનાવ્યાં: કામ કરીએ

અને રમીએ એ માટે દહાડો, ઉંઘીએ અને વિસામો લઇએ એ માટે રાત. પછી વહાણો હંકારવા દરીઓ, ભોંયને પાણી પાવાને મોટી નદીઓ, અને ઉનાળામાં પાણી રહેવા માટે સરોવરો બનાવ્યાં. શું, તમને કોઇ પણ દરીઓ, નદી કે સરોવરોનાં નામ આવડે છે? તમારા ઘર પાસે કોઈ નદી કે સરોવર છે? દેવે આપણે માટે આ બધાં બનાવ્યાં ન હોત તો આપણે શું કરત?

પણ હજીએ પૃથ્વી તો ખાલી અને ઉજ્જડ હતી. ઝાડો, ફળો, ઘાસ અને પતંગીઆં વગર, તે ઉદાસ દેખાતી નહિ હોય? તેથી દેવે સુંદર પાંદડાં ભરેલી મોટી ડાળીવાળાં ઝાડો બનાવ્યાં, કે આપણને છાંયડો થાય; અને જાનવરોને ખાવા ઘાસ અને આપણા ખાવા માટે શાકભાજી તથા મીઠાં મીઠાં ફળો બનાવ્યાં.

ત્યાર પછી સૂર્ય અને ચંદ્ર, એકને દિવસે અજવાળું આપવાને અને બીજાને રાત્રે અજવાળું આપવાને, આકાશમાં મુકયા. પછી ઝગઝગતા તારાઓથી આકાશ ભરી કાઢયું, એ માટે કે અંધારી રાતે પણ આપણને બીક ન લાગે, પણ જયારે આપણે ઉપર જોઇએ ત્યારે તેઓ કહે કે અંધારામાં પણ દેવ છે.

બીજું જે બનાવવાનું હતું તે એ કે પાણીમાં તરવાને માછલાં, હવામાં ઉડવાને પંખીઓ, અને ધરતી પર ચાલવાને પશુ. કેટલી બધી જુદી જુદી જાત દેવે બનાવી છે! વળી તે કેવાં સુંદર છે! શું આ બધાં દાનો એટલે સુંદર પાંખોવાળાં પતંગીઆં તથા પીછાંવાળાં પક્ષીઓ માટે આપણે દેવનો ઘણો ઉપકાર ન માનવો જોઈએ? જે જે પશુ અને પંખી સંબંધી છોકરાં જાણતાં હોય, તે તથા તેમના રંગો વિષે તેમને કહેવા દો.

સૌથી છેલ્લે આ સુંદર જગત પર રહેવાને માટે દેવે એક પુરૂષ અને એક સ્ત્રી બનાવ્યાં. તેમના સુખ અને વપરાસને માટે સઘળાં વાનાં તૈયાર થાય એ માટે તેણે તેમને છેલ્લે બનાવ્યાં. દરેક ચીજ દેવે બનાવી અને દરેક ચીજ તેની છે. ઝાડો, પહાડો, તારા અને સર્વ વસ્તુઓ તેની છે, કેમકે તે તેમનો બનાવનાર છે. આપણે પણ તેનાં છીએ, કેમકે આપણને પણ તેણે બનાવ્યાં. આ વાનાં કેવી રીતે બનાવવાં એ કોઇએ તેને શિખવ્યું નહિ, કેમકે તે શી રીતે બનાવવાં તે તે એકલોજ જાણતો હતો. જો કે આ દુનિયામાં પુષ્કળ જ્ઞાની લોકો છે તો પણ દેવે આ બધું કેવી રીતે બનાવ્યું તે કોઈ પણ માણસ સમજતું નથી. આપણે ઘરો અને પુલો બનાવી શકીએ છીએ પણ એક નાનું ફૂલ બનાવી શકતા નથી. રૂ તથા રેશમમાંથી સુંદર લુગડાં આપણે બનાવી શકીએ, પણ કપાસના છોડ કે રેશમનો નાનો કીડો આપણાથી બનાવાય નહિ. માત્ર દેવજ આ કરી શકે છે. દેવના જેટલું બીજો કોઇ જાણતો નથી.

લાગુકરણ.—આજ પણ જે ઝાડો ઉગાવે છે, ફૂલો ખીલાવે છે, નવી કળીઓ લાવે છે, અને આપણા ખોરાકને માટે ડાંગર પકવવા વરસાદ મોકલે છે તે દેવ છે. આપણને તેણે બનાવ્યાં એ માટે આપણા વિષે તે બધું જાણે છે. તે આપણા બધા ખેદ અને સુખદુઃખ જાણે છે. તે કેવો સર્વજ્ઞ દેવ છે!

પાઠ ૨ જો. દેવનું પરાક્રમ.

લાલ સમુદ્ર ઓળંગવો—નિર્ગ. ૧૪; ૧-૩૧.

પાઠનો હેતુ.—કોઈ અડચણ એટલી બધી ભારે નથી કે તે પર દેવ ફાવે નહિ, એવું છોકરાંને જણાવવાનો.

પ્રસ્તાવના.—છોકરાંને પુછો કે તેઓમાંનું કોઈ કદી મુસાફરી કરવા ગયું હતું કે કેમ. જો ગયું હોય તો તે વિષે તેની પાસે જરા કહેવડાવો. ઠીક, હવે આજે લોકોની એક ટોળી જ્યારે લાંબી મુસાફરી પર હતી, ત્યારે તેમના સંબંધમાં બનેલી બહુજ અજાયબ જેવી એક વાત હું તમને કહેવાનો છું.

વાર્તા.—આ લોક ઇસ્રાએલીઓ કહેવાતા. ઘણાં વરસોથી તેઓ મિસર નામના દેશમાં ગુલામો હતા. તેઓની ટોળી એટલી તો મોટી હતી કે તેનો વિચાર તમે ભાગ્યેજ કરી શકો. બાપો, માઓ, છોકરાં અને ઘરડાં એ બધાં મળીને આસરે ૨૦ લાખ હતાં. તેઓ પોતાના ઘરનો બધો સામાન અને ઘેટાંનાં તથા ઢોરઢાંકનાં ટોળાં સાથે લઇ ગયા હતા.

મિસરીઓ કે જેઓ તેમના નિર્દય શેઠો હતા તેઓએ પહેલાં તો તેમને જવા દેવાની ના પાડી, પણ એને લીધે દેવે તેમને સખત માર માર્યો. છેવટે તેમના રાજાએ ઇસ્રાએલીઓને જવા દીધા. આવી ટોળીને નીકળવું એ કંઇ સહેલી વાત ન હતી. એકજ કુટુંબને મુસાફરીની તૈયારી કરતાં કેટલું અઘરૂં પડે છે, એ તો તમે જાણો છો. પણ આખરે તે મોટો સંઘ નીકળવા લાગ્યો, અને થોડીક વાર વિસામો લેવા પડાવ નંખાય એવી જગ્યાએ આવી પહોંચ્યો, ત્યાં સુધી તેઓએ મુસાફરી કરી. મુસાફરીને માટે ભાથું તૈયાર કરવા વગેરેનો ચિતાર છોકરાનાં મન પર પાડો.

અમારા ગુલામો તો ખરેખર અમને છોડીને જતા રહ્યા છે, એ જ્યારે મિસરીઓએ જોયું ત્યારે તેમને ખોટું લાગ્યું; અને રાજા તેના બધા સરદારો, સિપાઇઓ અને લડાઇના રથોને એકઠા કરી તેમને પાછા લાવવાને તેમની પાછળ પડયો. આ

મોટી રીસે ભરેલી ફોજને પાછળ આવતી જોઇને ઇસ્રાએલી-ઓને કેટલી બીક લાગી હશે, તેની કલ્પના તમે કરી શકો છો? તેમણે નાસી છૂટવાને રસ્તો ખોળ્યો, પણ જડયો નહિ, કારણ કે બેઉ બાજુએ ઉંચા ઉંચા ડુંગરાવાળી ખીણમાં તેઓએ પડાવ નાખ્યો હતો. તેમની આગળ મોટો સમુદ્ર અને બન્ને પડખે ઉંચા પહાડ અને પછવાડેથી આ મોટું લશ્કર બહુ ઝડ-પથી આવતું હતું, પછી તેઓ શું કરે?

હવે દેવ તેમની સંઘાતે હતો એ સાબિત કરી આપવાને તેણે મુસા અને તેના લોકોને એક આશ્ચર્યકારક ચિહ્ન આપેલું હતું, તે કયું હતું? એક મોટો મેઘસ્તંભ જે તેમની આગળ ચાલતો હતો. દિવસે તે વાદળની પેઠે કાળો અને રાતે તે એટલો બધો પ્રકાશતો કે તેનાથી લોકોને સરસ અજવાળું મળતું હતું. પણ મિસરીઓ જેમ જેમ પાસે ને પાસે આવતા ગયા, તેમ તેમ તે મેઘસ્તંભ તેમની આગળથી ખસીને તેમની પછવાડે ગયો, એ માટે કે પાસે આવતું લશ્કર તેમને દેખી શકે નહિ. કહેતાં નવાઈ લાગે છે, કે ઇસ્રાએલીઓને માટે તે મેઘ મોટો પ્રકાશ હતો, પણ મિસરીઓને માટે તો એટલો અંધકાર-મય હતો કે તેઓ કયાં જાય છે તે પણ બરાબર દેખી શકયા નહિ.

મુસા અને તેના લોકો પાણી પાસે આવી પહોંચ્યા ત્યારે લગભગ રાત હતી. પણ દેવે મુસાને કહ્યું, તું તારી લાકડી સમુદ્ર ઉપર લંબાવ, અને ભારે પવન એવો વાયો કે સમુદ્રમાં સીધો કોરો રસ્તો પડયો અને ભીંતની માફક પાણી બન્ને બાજુએ ઢગલો થઈ રહ્યાં. જેમ કોરી ભૂમિ પર ચાલે તેમ ઇસ્રાએલીઓ આખી રાત ચાલ્યા. કદાપિ કોઇ બીધા હશે, પણ દેવે પાણી પાછું હઠાવી રાખ્યું, અને સવાર થતાંમાં તો તેઓ પેલે પાર જઈ પહોંચ્યા.

હવે તેઓ પોતે ક્યાં જાય છે એ મિસરીઓએ ભાગ્યેજ જાણ્યું, પણ ઇસ્રાએલીઓની પૂઠે લાગીએ છીએ, એવી તેમની ખાતરી હતી, અને ઝટ વારમાં પકડી પાડીશું એવી તેઓ આશા રાખતા હતા. સમુદ્રમાર્ગે ચાલતાં તેમણે પાછળ પડવાનું જારી રાખ્યું. ઇસ્રાએલીઓ સમુદ્ર ઓળંગી રહ્યા કે તરતજ મુસાએ પોતાની લાકડી સમુદ્ર પર લંબાવી, અને ઝપાટાબંધ પાણી પાછું એકઠું થઈ ગયું. આથી બધા મિસરીઓ, તેમના રથો ઘોડા સુદ્ધાં ડુબી મુઆ.

લાગુકરણ.—મુશ્કેલીમાં આવી પડેલા કોઇને દેવે મદદ કરી હોય, એવો કોઈ પણ દાખલો તમારી જાણમાં હોય તો તે સંબંધી છોકરાંને કહો. આજે પણ દેવનું પરાક્રમ તેવું ને તેવુંજ છે, અને જો તેઓ તેના પર ભરોસો રાખે તો તે તેમને પણ મદદ કરી શકે છે, એ સમજવાને તેઓ આથી શક્તિમાન થશે.

પાઠ ૩ જો. દેવની પવિત્રાઇ.

મુલાકાતમંડપ—નિર્ગમન અધ્યાય ૩૫ અને ૪૦.

પાઠનો હેતુ.—દેવનું ઘર કેવી સંભાળથી અને કેવી સારી રીતે બાંધેલું હતું, અને દેવનું ભજન કરવાને લોકો કેવા સન્માનથી તેની પાસે આવતા તે બતાવી શિક્ષક છોકરાંને દેવનો મહિમા અને પવિત્રાઇ જણાવશે.

પ્રસ્તાવના.—ગયા અઠવાડીઆના પાઠની યાદ દેવડાવો, અને સમુદ્ર ઓળંગ્યા પછી લોકોએ અરણ્યમાં થઇને લાંબી મુસાફરી કરી તે સંબંધી કહો. આ અરણ્યમાં હતા, ત્યારે લોકોએ દેવને ભજવાને માટે પહેલવહેલું ઘર બાંધ્યું, ત્યાર

પહેલાં એવું કંઈ હતું નહિ. તેઓએ તે કેવી રીતે બાંધ્યું તે સંબંધી આપણી આજની વાત છે.

વાર્તા.—રસ્તે જે એક જગ્યામાં તેમણે છાવણી નાખી હતી તેની નજીકમાં એક ઉંચો પહાડ હતો. મુસા ચાળીસ દિવસ પહાડ પર હતો, તેવામાં દેવે તેની જોડે વાત કરીને દસ આજ્ઞાઓ તથા નિયમો આપ્યા તે સંબંધી ટુંકામાં કહો. પછી તે પહાડ પરથી ઉતર્યો ત્યારે તેનું સાંભળવા લોકોની સભા એકઠી મળી તેનું વર્ણન કરો. દેવે મુસાને ઘણી વાતો કહી હતી. તેમાંની એક એ હતી કે, હવે લોકો મારે કાજે ઘર બાંધે, તો હું તેમાં આવીને ત્યાં તેમને મળું. મુસાફરી કરતાંમાં બાંધેલું ઘર કેવી જાતનું હોય? તે તો તંબુ જેવું હોવું જોઇએ, અને તેને માટે સઘળાં સાધનો લોકો આપે એવી દેવની ઇચ્છા હતી. તે કામ ઉપર બઝાલએલને કારભારી ઠરાવ્યો.

વસ્તુઓ ખરીદવાને ત્યાં આગળ કંઈ પણ બજાર ન હતું, તેથી દરેક ચીજ કેવી રીતે મળી આવી તેની કલ્પના કરો. જે સોનું, રૂપું અને મૂલ્યવાન પાષાણો મિસરમાંથી સાથે લાવેલા હતા તેમાંથી બઝાલએલને એટલું બધું આપવામાં આવ્યું કે તે લાવતાં લોકોને અટકાવવા પડ્યા (અધ્યાય ૩૬; ૫, ૬). ભીંતોનાં પાટીઆં મેળવવાને પહાડ પરનાં ઝાડો કાપવાનાં હતાં; ઉપરનો ભાગ ચામડાંથી ઢાંકવા જાનવરો મારવાનાં હતાં; પડદા બનાવવા ઘેટાં બકરાંનું ઉન મેળવવું જોઇતું હતું, અને લુગડાં રંગવાને રંગના છોડ ખોળી કાઢવાના હતા. સુતારો, વણકરો, સોની, ચામડાનું કામ કરનારા, એ સર્વનો ખપ હતો; ઘણું સીવણ અને ભરતકામ કરવાનું હતું; મૂલ્યવાન પાષાણો કાપવાના અને બેસાડવાના હતા; નકશી

કોતરવાની હતી; યાજકનાં વસ્ત્રો અને સામાન બનાવવાનો હતો. એ બધું કામ કેવી રીતે થયું હશે તેનું વર્ણન કરો (અધ્યાય ૩૭, ૩૮, ૩૯). કેટલાકની પાસે કંઈ આપવાનું હતું નહિ તેથી દુઃખી હતા, પણ દેવનું ઘર બનાવવામાં હરકોઈ કંઇ કંઇ ભાગ લે એવું હતું. છોકરા, છોડીઓ શો ભાગ લે તેનો વિચાર કરો.

૭ મહિનામાં બધું તૈયાર થયું. બઝાલએલે મુસાને અને મુસાએ લોકોને કહ્યું કે, અમુક દહાડે તે તૈયાર થશે ત્યારે તમે આવીને ત્યાં દેવનું ભજન કરી શકશો. તૈયારી, લુગડાં ધોવા વિગેરે, અને પુછપરછ કે આપણા કામથી પ્રસન્ન થઇને પ્રભુ આ અજબ અને સુંદર તંબુમાં ખરેખર આવશે કે કેમ, એ બધાં વિષે કલ્પના કરાવો.

છેવટે મંડપ તૈયાર થયો તે વખતે છાવણીમાંની દરેક રાવટીમાંથી પુરૂષો, સ્ત્રીઓ, છોકરાં હસતાં પોકારતાં, દોડતાં, ટોળાંબંધ નીકળી આવતાં, તે દેખાવ તેમની નજર આગળ મૂકો. પણ મંડપ પાસે પહોંચતાંજ બધાં ગુપચુપ અને આદરશીલ થઈ જતાં કારણ કે ત્યાં દેવ છે. તેઓ શા ઉપરથી જાણતાં? સમુદ્રમાં થઇને દોરી લાવનાર પ્રકાશિત મેઘસ્તંભ હવે મંડપની ટોચે થંભી જાય છે. બધાં શાંત ભજનમાં ઉંધાં પડે છે. પછી દેવની સ્તુતિ ગાવામાં સામેલ થાય છે.

લાગુકરણ.—આપણે સાબ્બાથશાળામાં કે દેવળમાં જઇએ છીએ ત્યારે એમજ કરીએ છીએ. આપણે બૂમ પાડતા કે ગડબડ કરતા નથી, પણ ગુપચુપ અને અદબથી અંદર જઇએ છીએ, કારણ કે દેવ જે બહુ મોટો અને પવિત્ર છે તેને મળવાને જઇએ છીએ.

પાઠ ૪ થો. દેવની પ્રીતિ.

ઉડાઉ દીકરો—લુક ૧૫; ૧૧–૨૪.

પાઠનો હેતુ.—તેમને પોતાને માટેની દેવની પ્રીતિની સાચાઈ છોકરાં જાણે એજ છે.

પ્રસ્તાવના.—છોકરાં જાણતાં હોય એવો અમુક દાખલો આપીને છોકરાં પરની માબાપની પ્રીતિ સંબંધી કહો.

વાર્તા.

૧. ધનદોલત, સારાં સારાં લુગડાં, સારૂં સારૂં ખાવાનું, ચાકરો, છોકરા પર બાપની પ્રીતિ, આ બધું બતાવી તેના સુંદર ઘરનું વર્ણન કરો.

૨. નાના છોકરાને બાપનું ઘર છોડી દેવાનું મન કેમ થયું તે કહો, અને ચાલી નીકળ્યો તે વખતનો તેના બાપનો શોક, એનો ચિતાર નજરે લાવો.

૩. પહેલાં તો જુવાનને મઝાનો વખત હતો. તેની પાસે પૈસા હતા તેથી ઘણા ભાઈબંધો થયા હતા, એ માટે તે તેના પોતાના બાપને ભૂલી ગયો, એટલુંજ નહિ પણ તેના ઉપર ખતખબર પણ મોકલી નહિ. તેના ભાઈબંધો ભલા માણસો ન હતા, તેને લીધે પૈસા, આબરૂ અને મરતબો એ બધું ખોઈ બેઠો.

૪. તેની બધી ખરચી ખૂટી ગઈ તેથી તેના ભાઇબંધો તેને તજીને ચાલ્યા ગયા. તે દેશમાં દુકાળ પડ્યો. તેની પાસે સમૂળગું ખાવાનું અને કંઇ પણ કામ ન હતું. થોડા પૈસા મેળવવા માટે આખરે તેને ભુંડો ચારવાં પડ્યાં.

૫. તેને ઘરના વિચારો ફરીથી કેમ આવ્યા તે કહી બતાવો. નઠારી જીંદગી પડતી મેલવાનું તેણે નક્કી કર્યું.

૬. તેનું ઘેર આવવું, કબુલાત, અને વિશેષે કરીને તેનો બાપ કેટલો ખુશી થયો તેનું વર્ણન કરો. તેના દીકરાના પાપે તેનું મન દુખવ્યું હતું, પણ હમેશ તેણે તો તેના પર પ્રીતિ રાખી હતી ને તેને ઘેર આવતો જોતાંની વારમાં તેને માફ કર્યું.

લાગુકરણ.—આડે રસ્તે ચઢેલા પોતાના દીકરાને ફરીથી ઘરમાં આવો આવકાર આપવામાં તે બાપ કેટલો પ્રેમી દેખાય છે! આપણામાંના દરેક પર દેવ કેટલી બધી પ્રીતિ કરે છે, તે બતાવવાને ઇસુએ આ વાત કહી. કેવળ તમારો બાપ અને તમારી મા તમારા પર પ્રીતિ કરે છે એમજ નહિ, પણ દેવ પણ તમારા પર પ્રીતિ કરે છે.

પાઠ ૫ મો. એક બાળક માટે દેવની સંભાળ.

મુસાનું જડવું—નિર્ગમન ૨ ; ૧–૧૦.

પાઠનો હેતુ.—દેવ કેવળ મોટા અને મુખ્ય માણસોને સંભાળે છે એટલુંજ નહિ, પણ દરેક નાનાં છોકરાંને પણ તે સંભાળે છે એ શિખવવાનો.

પ્રસ્તાવના.—એક બાળકની સંભાળ દેવે કેવી રીતે કરી તે વિષેની એક વાત આજ મારા મનમાં આવે છે. એક બહુ ભુંડો રાજા હતો કે જેણે એવો હુકમ કર્યો હતો કે દરેક છોકરાને મારી નાખવો; પણ આ કતલમાંથી એક છોકરો બચી ગયો, તે શી રીતે બન્યું તે હું તમને કહેવાનો છું.

વાર્તા.

૧. ઘરમાં બાળકને સંતાડવું. નાનો છોકરો થયો તેથી માને કેટલી ખુશી થઇ હશે, તે મારી ન નંખાય એ વિષે તેને

કેટલી ચિંતા હશે, અને રાજાના ચાકરોને તે જડે નહિ એ માટે ત્રણ મહિના સુધી તેને ઘરમાં સંતાડી મૂકવા તેની માએ તથા તેની મોટી બેન મરિયમે કેવી ગોઠવણ કરી હશે એ કહી બતાવો.

૨. નદીમાં તેને સંતાડવો. તે બાળક મોટું અને જબરું હતું અને વખતે તેની કીલકારી બહાર સંભળાય એવી ધાસ્તીથી તેઓ તેને ઝાઝી વાર સંતાડી શકયાં નહિ. ગોમતૃણની ટોપલી હોડીની પેઠે તરે અને માંહે પાણી પેસે નહિ એવી શી રીતે બનાવી; કેટલા ખેદથી મા તેને નદીએ લઈ ગઈ, અને તેમાં તેણે એ બાળકને મૂકયું; મરિયમે પાસેની ઝાડીમાં છુપાઈ રહી શી રીતે તપાસ રાખી, એ બધાનું વર્ણન કરો.

૩. બાળક રાજકુંવરીની નજરે પડયું. મરિયમ જોતી હતી તેટલામાં નદીએ નાહવા આવતી સ્ત્રીઓનું એક ટોળું તેની નજરે પડયું. તેણીએ જે જે જોયું—એટલે સુંદર પોશાકમાં રાજકુંવરી તેની બધી દાસીઓ સાથે નદીએ આવી પહોંચી, અને તે વખતે તેમણે એક નાની પેટી તરતી જોઈ તેનો ચિતાર આપો. તેમને કેટલો અચંબો લાગ્યો હશે તેનો વિચાર કરો, અને દાસીઓમાંની એકને તે બાળક લઇ આવવાને રાજકુંવરીએ મોકલી, તે કહો. તેની મા તેને કેમ અહિં મૂકી ગઇ હતી, એવી તેણીએ તરતજ અટકળ કરી અને વળી તેને બચાવવાનું મન પણ હતું. હવે કેમ કરીને એને બચાવવો તે વિષે તેઓ માહોમાંહે વાત કરવા લાગી તેનું વર્ણન કરો.

૪. તેની માને પાછું અપાએલું. હવે મરિયમ જે અત્યાર સુધી બધું સાંભળતી હતી તે દોડી આવી, અને એક ધાવને તેડી લાવવાની માગણી કરી એ વિષે કહો. મરિયમ કેવી રીતે

ઘર ભણી દોડી ગઈ અને મા કેવી ખુશ થતી થતી આવી તેનું વર્ણન કરો. રાજપુત્રીએ કહ્યું, એ મારો દીકરો થશે ને મારા આગ્રા તળે રહેશે. આટલી બધી અજબ રીતે દેવે તે બાળકની સંભાળ કરી અને માબાપની પાસે પાછું મોકલ્યું, એથી એ કુટુંબમાં કેટલો બધો આનંદ થયો હશે તે દેખાડો.

લાગુકરણ.—કંઈ પણ જોખમ, મંદવાડ, અથવા આપદા-માંથી દેવે તેમનું રક્ષણ કર્યું હોય, એ બતાવવાથી દેવ ખાસ તેમની સંભાળ કરે છે, એ સમજવાને શિક્ષક છોકરાંને મદદ કરશે.

પાઠ ૬ ટ્ઠો. પોતાના સેવકને માટે દેવની સંભાળ.

એલીયાહ અને કાગડા—૧ રાજા. ૧૭; ૧–૬.

પાઠનો હેતુ.—જેઓ દેવની સેવા કરે છે, તેઓ સર્વ સમયે તેના સંરક્ષણ તળે છે એ છોકરાંને બતાવવાનો.

પ્રસ્તાવના.—કાગડા વિષે તથા તેઓ કેવા લાલચુ છે, તે વિષે કહો. તેઓ શા કામના છે? પોતાના સેવકને મદદ કરવા દેવે કાગડા સરખા મોટા કાળા પક્ષીને કેવી રીતે કામમાં લીધા એ સંબંધી આપણી આજની વાત છે.

વાર્તા.

૧. એલીયાહ કોણ હતો તે કહો. તેના દેખાવ અને બહાદુરીનું વર્ણન કરો.

૨. રાજાની દુષ્ટાઈને લીધે તેને ઠપકો આપવા તથા શિક્ષા તરીકે દુકાળની ધમકી બતાવવા દેવે તેને કેવી રીતે મોકલ્યો એ વિષે કહો. વળી રાજા ક્રોધે ભરાયો તેથી એલીયાહને નાસી જઈને સંતાઇ રહેવું પડયું, એ માટે કે તે મારી ન નંખાય.

૩. સહીસલામતીની જગ્યા ખોળતાંમાં મુશ્કેલી, સિપાઇઓએ કરેલી તેની ખોળ, અને વરસાદ ન હોવાને લીધે દુકાળનું વધતું જતું દુઃખ, એ બધાંનું વર્ણન કરો. પ્રભુ તેને એક શાંત ખીણમાં લઇ ગયો. ત્યાં એક નાળું હતું. તેમાંથી તેને પીવાનું પાણી મળ્યું. પણ ત્યાં, એટલે જંગલમાં, કંઇજ ખાવાનું ન હતું. તે બજારમાં પણ જઇ શકયો નહિ, રખેને સિપાઇઓ તેને જોઇ જાય.

૪. ઉડતાં અને ઝાડોમાં ભરાઇ બેઠેલાં પક્ષીઓ, રોટલી તથા માંસના કકડા નાખતાં જે એલીયાહ લઇને ખાતો, તેનો ચિતાર આપો. રાજાની બીકથી નાસી જઇ પોતે કોઇના ઘરમાં સંતાઇ જઇ શકે, એટલે આઘે જવું સહીસલામતી ભરેલું થયું, ત્યાં સુધી દેવે તેને આ પ્રમાણે ખવડાવ્યું.

લાગુકરણ.—એવી રીતે દેવ આપણને ખાવાનું પહોંચાડતો નથી, તોપણ ગમે તે રીતે આપણને ખોરાક મળે છે, તેનો મોકલનાર દેવ છે; તેથી જ્યારે જ્યારે ખાવા બેસીએ છીએ, ત્યારે ત્યારે આપણે તેનો આભાર માનવો જોઇએ.

પાઠ ૭ મો. ગરીબને માટે દેવની સંભાળ.

વિધવાનું તેલ—૨ રાજા. ૪; ૧–૭.

પાઠનો હેતુ.—ગયા પાઠમાં હતો તેજ હેતુ પણ આ પાઠમાં આપણે જોઇએ છીએ. જેને ચમત્કારિક રીતે ખવાડયું તે તો એક નિરાધાર અને અપ્રસિદ્ધ કુટુંબ હતું.

પ્રસ્તાવના.—છોકરાં ભૂખ્યાં થાય છે ત્યારે તેઓ શું કરે છે, તેમનું ખાવાનું કયાંથી આવે છે, અને તેમને માટે કોણ વેચાતું લે છે, એ તેમને પુછો. દુકાળના વખતમાં દેવે

પોતાના ભવિષ્યવાદીને કેવી રીતે સંભાળ્યો અને ખવાડયું તે સંબંધી આપણે ગયે અઠવાડીએ શીખી ગયા. જેઓ મોટી આપદામાં હતાં તેમને દેવે કેવી રીતે મદદ કરી તે સંબંધીની આજે આ બીજી વાત છે.

વાર્તા.

૧. કુટુંબ.—ગામડી ઘર, તેમાં બાપ, મા, અને બે છોકરા, પૈસાદાર નહિ, પણ બાપને ઘણું કામ મળતું તેથી તેઓ સુખી અને આનંદી; વળી તેઓ દેવનું ભજન કરનારાં સારાં માણસો હતાં, આ બધાનો ચિતાર આપો.

૨. સંતાપ.—બાપ કંઇ પણ દ્રવ્ય મૂકયા વગર મરી ગયો અને તેનું થોડુંક દેવું વાળ્યું ન હતું. તેઓ દેવું વાળી શકયા નહિ માટે બેઉ છોકરાને ગુલામ કરી લઇ જવા લેણદાર આવ્યા.

૩. મદદને માટે વિનંતિ.—આ ગરીબ વિધવાને મદદ કરે એવું કોઇ ન હતું? હા, હતું. દેવનો ભવિષ્યવાદી એલીશા એક દહાડો તે ગામમાં આવી ચઢયો, અને તેણીએ તેની આગળ મદદ કરવાના કાલાવાલા કર્યા. તેણે તેણીને શું કરવાનું કહ્યું તેનું છોકરાં પાસે બ્યાન કરાવો.

૪. મદદ—તેલ ભરવા માટે પડોશીઓને ત્યાંથી બરણીઓ અને વાસણો માગી લાવવાને છોકરાઓએ કેવી દોડાદોડ કરી તેનું વર્ણન કરો. જેટલાં વાસણો મળ્યાં તેટલાં લાવ્યા ને તેમાં તેમને કહ્યા પ્રમાણે તેલ રેડયું. રેડવા માંડયું ત્યારે માત્ર એકજ બરણી ભરેલી હતી, પણ રેડી રહ્યા ત્યારે બધી બરણીઓ ભરાઇ ગઇ. એ તેલ વેચવાથી તેમનું દેવું વાળવાને જોઈતા પૈસા મળ્યા એટલુંજ નહિ, પણ ઘણા દહાડા સુધી ખાય તેટલો ખોરાક પણ વેચાતો લઈ શકયાં.

લાગુકરણ.—ભવિષ્યવાદીઓ અને મોટા માણસો માટેજ દેવે અજબ કામો કર્યાં એવું આપણે ગયે અઠવાડીએ કદાપિ ધાર્યું હશે, પણ જેમ તેમને તેમજ એક ગરીબ વિધવા તથા તેના છોકરા, જેઓએ તેના પર ભરોસો રાખ્યો તેમને પણ મદદ કરવા દેવ તૈયાર હતો, એવું આ અઠવાડીએ જોઇએ છીએ. વળી આપણે ખાતરી રાખવી કે તેવીજ રીતે તે આપણ દરેકની સંભાળ લે છે. તેની સંભાળ તથા પ્રેમનો આભાર માનવાને આપણે કદી ભૂલી જવું નહિ.

પાઠ ૮ મો. એક ઉમરાવ માટે દેવની સંભાળ.

દાનીયેલ અને સિંહો—દાનીયેલ ૬ ; ૧-૨૮.

પાઠનો હેતુ.—જેઓ દેવનો ભરોસો કરે છે, તેમને તે અદ્ભૂત અને અણધાર્યાં જોખમમાં પણ સંભાળે છે, અને ચોકી કરે છે એ બતાવવાનો.

પ્રસ્તાવના.—ફરી જેણે તેના પર ભરોસો રાખ્યો એવા એકને દેવે કેવી રીતે સંભાળ્યો તેની વાત અહિં આવે છે, અને આ વખતે તો ભયંકર જોખમમાં આવી પડેલા એક ઉમરાવની વાત છે.

વાર્તા.

૧. મહેલમાં દાનીયેલ. સુશોભિત પોશાક પહેરેલો, રૂપાળા ઓરડા, અને ઘણા ચાકરો, એનો ચિતાર આપો. રાજા જોડેની તેની મિત્રાઇ, અને બારી તરફ મોં રાખીને રોજ રોજ પ્રાર્થના કરવાની તેની ટેવ, તે સંબંધી કહો.

૨. તેની પદવીની ઘણા દુશ્મનો અદેખાઇ કરતા. તેને ખરાબ કરવાનાં તેઓનાં કપટી કાવતરાં સંબંધી કહી બતાવો.

૩. બારી આગળ તપાસ રાખનાર અને મોટા માણસને પ્રાર્થના કરતો જોઇ જોઇને ખૂશ થતા જાસુસોનું વર્ણન કરો. તેઓએ રાજાને તેના સંબંધીની ખબર આપી. રાજાએ તેને બચાવવા મહેનત કરી પણ તેમ કરવાને અશક્ત હતો, કારણ કે તેનો એકે કાયદો બદલાતો નહિ. તેથી દાનીયેલ પકડાયો અને તેને દોષિત ઠરાવવામાં આવ્યો.

૪. બહુજ ભૂખ્યા અને વિક્રાળ સિંહો મોટી ગુફામાં આમ તેમ જતા આવતા, તેનો ચિતાર આપો. દાનીયેલને ત્યાં કેમ કરી ઘસડી લઇ ગયા હશે, ને તેઓની વચમાં તેને કેવી રીતે નાખ્યો હશે તેનો ખ્યાલ કરાવો.

૫. રાજાની ચિંતા અને દાનીયેલ પર તેનો સંદેશો (૧૬ મી કલમ) અને બેચેનીભરેલી તેની રાત સંબંધી કહો. મોટી સવારે રાજાનું ગુફા આગળ જવું, દાનીયેલ સાથે તેની વાતચીત, તેથી તેનો આનંદ અને દાનીયેલને કેવી રીતે બચાવ્યો અને પાછો પદવી પર ચઢાવ્યો એનું બ્યાન કરી બતાવો.

લાગુકરણ.—દેવ આપણને મદદ કરી ન શકે એવો કોઈ પણ વખત કે પ્રસંગ તો છેજ નહિ. અંધારૂં છે માટે દેવ જોઇ શકતો નથી અથવા તેમના મિત્રો તેમના ભણી ક્રૂરતા વાપરે છે ત્યારે, અથવા કંઇ અઘરૂં કામ કરવાનું હોય ત્યારે, ઇશ્વર તેમની નજીક નથી, એવું છોકરા છોડીઓ કોઈ કોઇ વખતે ધારે છે. પણ જેમ દાનીયેલે પ્રભુ પર ભરોસો રાખ્યો તેમજ જો આપણે તેના પર ભરોસો રાખીએ તો હમેશાં મદદ કરવાને તે પાસેજ છે. કોઇ મોટી મુસીબતમાં કોઇ છોકરા કે છોડીને દેવ તરફથી કંઇ ખાસ મદદ મળી હોય, એવા કોઇ સંબંધી કદાપિ શિક્ષક કહી શકશે.

પાઠ ૯ મો. પહેલા ખંડનું પુનરાવર્તન.

આ ખંડની વાર્તાઓ છોકરાંને યાદ કરવા દો અને તેમના કહેવા પ્રમાણે તમે પાટીઆ પર પાઠનાં મથાળાં લખો. જુદી જુદી વાર્તાનું આમ પુનરાવર્તન કરાયા પછી આ વાતો પરથી છોકરાં દેવ સંબંધી જે જે શીખ્યાં તે કહેવા દો. પછી જ્ઞાની. શક્તિમાન, પવિત્ર, પ્રેમી, સંભાળક, એ શબ્દો આપી શકે છે કે કેમ તે જુઓ.

ખંડ ૨ જો—પાપ.

મુખપાઠની કલમો.—નિર્ગ. ૨૦; ૧–૧૭. રૂમી. ૩ : ૨૩.

પાઠ ૧૦ મો. અનાજ્ઞાંકિતપણું.

પતન—ઉત્પત્તિ ૩; ૧–૨૪.

પાઠનો હેતુ.—આદમ તથા હવાના પાપને લીધે અને તે પાપથી જે જે દુઃખો આવ્યાં છે, એને લીધે છોકરાંને દિલગીરી ઉપજાવવાનો.

પ્રસ્તાવના.—દેવે ઝાડો તથા જાનવરો અને પુરૂષો તથા સ્ત્રીઓને કેવી રીતે બનાવ્યાં એ સંબંધી થોડાંક અઠવાડિયાં પર આપણે શીખી ગયાં. દેવે પહેલા પુરૂષ તથા સ્ત્રીને બનાવ્યાં ત્યારે તેમને ક્યાં મૂક્યાં તેની તમને યાદ છે?

વાર્તા.

૧. વાડી. તે એક બહુ સુંદર વાડી હતી. છોકરાંએ જે જે વાડી જોઇ છે તેમાંની સૌથી સરસ વાડી કઇ છે, તે તેમને પુછો. તે કરતાં વધારે સારી વાડી જો શિક્ષકે જોઇ હોય અથવા એવી વાડી સંબંધી વાંચ્યું હોય તો તેનું વર્ણન તે કરે.

પણ આ વાડી તો તે બધી કરતાં શ્રેષ્ઠ હતી. તેના જેવી તો બીજી ન હતી. તેમાં કંઇ ખેડોળ ન હતું. ખરાબ માણસો હતાંજ નહિ. તાવ કે મંદવાડનું તો નામજ નહોતું. જનાવરોમાં પણ વિકાળપણું ન હતું, ને વળી ચાર સુંદર નદીઓ તેમાં વહેતી હતી. હમેશાં ખાવાને પુષ્કળ, ચોતરફ આનંદ, શાંતિ અને પ્રેમ ; વળી દેવ સદા માણસની પાસેજ હતો. એવી અજાયબ જેવી વાડીની કલ્પના કરી શકીએ કે ?

૨. બંધી. આ બધાંમાં માત્ર એકજ ઝાડ હતું કે જેને તેઓ અડકે નહિ. એ ઝાડનું ફળ તેઓ ન ખાય તો સારૂં, એ દેવ જાણતો હતો. તેઓને આ ઝાડની ગરજ પડી નહિ, કારણકે ત્યાં બીજાં ઘણાં ઝાડો હતાં, તેથી સંતોષી રહ્યાં.

૩. પરીક્ષણ. પણ એક દહાડો હવાએ દેવનો નહિ તેમજ આદમનો નહિ એવો એક સાદ સાંભળ્યો. શેતાન સાપનું રૂપ લઇને આવ્યો અને તેની જોડે બોલતો હતો. તેણે જે જે કહ્યું તે કહો.

૪. પાપ અને તેનું પરિણામ. આદમ અને હવાએ દેવનો હુકમ કેવી રીતે તોડ્યો તે કહો. પછીથી હમેશની માફક દેવે તે સાંજે તેમની જોડે વાત કરી, ત્યારે તેઓ કેવાં બીધાં અને કેવાં સંતાઇ ગયાં તેનું વર્ણન કરો. છોકરા છોડીઓ હુકમ તોડે છે ત્યારે બાપ કે માને મળવાને તેઓ રાજી હોય છે કે કેમ ? ના, તેમને અણગમો લાગે છે અને કંઈ પણ પડપૂછ થાય તે પહેલાં સટકી જવાનું મન કરે છે, તેમજ તે સાંજે આદમ તથા હવાને થયું. તેઓ કદીએ આમ બીધાં ન હતાં, ને આજે તેઓ દેવથી બીતાં હતાં, તે કારણથી દેવને બહુજ દુઃખ લાગ્યું. પણ તેમના પાપે આણેલા ખેદની આ તો શરૂઆતજ હતી. દેવે તેમને કહ્યું, હવે મને તમારો ભરોસો

નથી, માટે તમને આ સુંદર વાડીમાં હવે હું રહેવા દેનાર નથી. તેઓને બહાર જઇને સખત કામ કરવાનું હતું. તેમને ઘણાં દુઃખો પડવાનાં હતાં. તેમના પાપને લીધે ભૂમિ પણ શ્રાપિત થઇ હતી. તેમને માટે દેવે કેવી રીતે ચામડાનાં વસ્ત્રો બનાવ્યાં, અને તેમને વાડીની બહાર કેવી રીતે કાઢી મૂકયાં, તેનું વર્ણન કરો.

લાગુકરણ.—આદમ તથા હવાના અનાજ્ઞાંકિતપણાને લીધેજ બધું બગડી ગયું. અનાજ્ઞાંકિતપણું કેવું નઠારૂં પાપ હોવું જોઇએ! છોકરા છોડીઓ કદી અનાજ્ઞાંકિત થાય છે? જ્યારે જ્યારે અનાજ્ઞાંકિત થવાને લલચાઇએ છીએ, ત્યારે ત્યારે આદમ તથા હવાને તેમના પાપને લીધે દુઃખ થયું તેની યાદ કરીએ.

પાઠ ૧૧ મો. ક્રોધ.

કાઇન અને હાબેલ —ઉત્પત્તિ ૪; ૧-૧૬.

પાઠનો હેતુ.—ગયા અઠવાડિયાના પાઠથી પાપે ઉપજાવેલા દુઃખની લાગણીની ઉંડી છાપ પાડવાનો એજ આ પાઠનો હેતુ છે.

પ્રસ્તાવના.—ગયા અઠવાડિયાના પાઠની અને પાપના પરિણામની યાદ કરો.

વાર્તા.

૧. બે ભાઇઓ. વાડીની બહાર કાઢી મૂકયા પછી આદમ તથા હવાને ઘણું દુઃખ પડયું. પણ તેની જોડે દેવે તેમને આનંદ પણ પમાડયો, એટલે તેમને બે નાના છોકરા થયા. એ તેમનો મોટામાં મોટો આનંદ હતો. આ સૌથી

પ્રથમજ બાળકો હતાં. મોટા થતા ગયા તેમ તેમ તે કુટુંબનું કેવું થયું હશે, તેની કલ્પના કરો. પહેલવહેલાંજ આદમ તથા હવાને છોકરા સંબંધી બધી તજવીજ કરવાની હતી. તેઓ પુખ્ત ઉમરના થયા, ત્યારે કાઇન જે મોટો હતો તે ખેતરની સંભાળ કરતો, અને ફળ, ફૂલ અને શાકભાજી ઉપજાવતો. હાબેલ ઘેટાંપાળક થયો અને ઘેટાં તથા બીજાં જનાવરોની સંભાળ કરતો.

૨. કજીઓ. પણ એક દહાડો બહુ ખેદકારક બનાવ બન્યો, એટલે બે ભાઈઓ વઢી પડયા. આદમ અને હવાએ પાપની શરૂઆત કરી, અને હમણાં તેમના દીકરા દેવને ખેદિત કરે છે. તે આમ બન્યું,—બન્ને દેવનું ભજન કરવાને આવ્યા અને દરેક જણ અર્પણ લાવ્યો. કાઇનનું અર્પણ માન્ય થયું નહિ. કેમ નહિ? તેનું અંતઃકરણ શુદ્ધ ન હતું. કંઇક વાતને લીધે તેને રીસ ચઢી હતી. તેના અંતઃકરણમાં પાપ હતું ત્યાં લગી દેવ કાઇનના અર્પણથી પ્રસન્ન થઇ શકયો નહિ. તે કારણથી કાઇન દેવ ઉપર ગુસ્સે થયો. દેવ તેની જોડે બોલ્યો, અને તેનો ક્રોધ ઉતરી જાય એવું તેણે ચાહ્યું, પણ કાઇનનો ક્રોધ તો મનમાં રહ્યો, ને તે વધતો ગયો.

૩. ખૂન. તેજ દહાડે તે બે ભાઇઓ ઘરની પાસેજ ખેતરમાં એક બીજા જોડે વાત કરતા હતા, તેવામાં કાઇનને એટલી બધી રીસ ચઢી કે તેણે હાબેલને માર્યો, એ વિષે કહો. એવું ભુંડું કરવાની તેની મતલબ નહોતી, પણ તેનો ક્રોધ હમણાં જાણે તેનો ધણી થયો હતો, તેથી તેણે પોતાના ભાઇને મારી નાખ્યો. હવે કેટલું બધું દુઃખ થયું તેનો વિચાર કરો. આ વખત પહેલાં કદીએ કોઈ મરી ગયું ન હતું. આ બધું પાપનું પરિણામ હતું.

૪. કાઇનની શિક્ષા. તેના બાપના ઘરથી દેવે સદાને માટે તેને કેવી રીતે દૂર મોકલી દીધો તે કહો.

લાગુકરણ.—આના જેવું ભુંડું કામ કરવાનો વિચાર અહિં જે છોકરા છોડીઓ છે તેમને કદાપિ નહિ થાય. પણ યાદ રાખજો કે કાઇન પહેલવહેલાં તેના ભાઇ જોડે ગુસ્સે થયો ત્યારેજ આ ભયંકર પાપ શરૂ થયું. ક્રોધ બહુ મોટો દુશ્મન છે. તેને આપણા અંતઃકરણમાં પેસવા દેવો નહિ.

પાઠ ૧૨ મો. અદેખાઇ.

યુસફનો રંગબેરંગી અંગરખો—ઉત્પત્તિ ૩૭: ૧-૪. ૧૧-૩૫.

પાઠનો હેતુ.—યુસફને માટે છોકરાંમાં દિલસોજી ઉપજાવ્યા બાદ્જી અદેખાઇનો ધિક્કાર કરવાને શિક્ષક તેમને મદદ કરી શકે, એવો છે.

પ્રસ્તાવના.—ગયા અઠવાડીઆની આપણી વાત બે ભાઇ સંબંધી હતી. આ અઠવાડીએ બાર ભાઇઓની વાત છે. તમારે કોઇને બાર ભાઇઓ છે? એવા મોટા કુટુંબનો વિચાર કરો.

વાર્તા.

૧. યુસફ અને બિન્યામીન નામના બે નાના છોકરા હતા. અને તેમનો બાપ યાકૂબ બીજા સર્વ કરતાં આ બે ઉપર વધતી પ્રીતિ કરતો, તેથી બીજા મોટા ભાઇઓને ગમતું નહિ. વિશેષે કરીને તેઓ યુસફ પર અદેખાઇ રાખતા. જે એક વાતને લીધે તેઓ બહુ ક્રોધે ભરાયા, તે એ હતી કે યાકૂબે તેને એક બહુ સુંદર અંગરખો સીવડાવી આપ્યો હતો.

૨. તે દશ મોટા ભાઇઓ ઘરથી દૂર ટોળાં સાચવતા હતા તે કહો. યાકૂબે યુસફની જોડે તેમના પર સંદેશો મોકલ્યો. તેના આવી પહોંચ્યાનું વર્ણન કરો.

૩. તેઓ કેવી રીતે વેર વાળવાનું શોધે છે, રેઉબેન કેવા કાલાવાલા કરે છે, યુસફ કેવી રીતે ખાડામાં નંખાયો, અને રસ્તે જતા મુસાફરોને તે કેવી રીતે વેચાયો, તે બધું કહો.

૪. યુસફનો અંગરખો લોહીમાં બોળીને પોતાના બાપને કેવી રીતે ઠગ્યો તેની હકીકત આપો.

લાગુકરણ.—આ દશ ભાઇઓના જેવા થવાનું આપણામાંના કોઇનું મન છે શું? મને ખાતરી છે કે એવા થવાનું કોઇનું મન નથી. અદેખાઇએ તે કુટુંબની ખરાબી કરી અને જો આપણે આપણા અંતઃકરણમાં અદેખાઇને આવવા દઇશું તો તે આપણા કુટુંબને પણ ખરાબ કરવા માંડશે.

પાઠ ૧૩ મો. સાબ્બાથનો ભંગ.

માલાનો સંગ્રહ.—નિર્ગમન ૧૬ ; ૧-૩૬.

પાઠનો હેતુ.—રવિવાર તે વિશ્રામ અને ભજનનો દહાડો છે એ છોકરાંને બતાવવાનો.

પ્રસ્તાવના.—થોડાક સવાલો પૂછીને ઇસ્રાએલીઓની બે આગલી વાતો યાદ કરાવો, એટલે લાલ સમુદ્રને ઓળંગવો અને મુલાકાતમંડપનું બાંધવું. લોકો આ લાંબી મુસાફરીએ હતા ત્યારે તેઓને ખાવાનું કયાંથી મળ્યું, એ વિષે તમે શું ધારો છો? દેવે તેમને ખાવાનું આપ્યું એ અજબ રીત સંબંધી આજે આપણે સાંભળવાના છીએ.

વાર્તા.

૧. જ્યાં બહુ થોડુંજ ઘાસ હતું અને અનાજ તો થતુંજ નહિ; અને ઈસ્રાએલીઓને ખાવા મળે એવું કંઈજ ન હતું, એવા દેશમાં થઈને લાંબી મુસાફરી કરતાં જે જે મુસીબતો પડી તેનો ચિતાર આપો.

૨. તેમને માટે માન્ના મોકલવાની દેવની અજબ યોજના સંબંધી છોકરાંને કહો. તે માન્ના કેવું, અને તે કેવી રીતે આવ્યું હતું, તેનું વર્ણન કરો.

૩. ઉત્પત્તિની વાતની તથા દેવે સાતમે દિવસે વિસામો લીધો, તેને પવિત્ર કીધો, અને એમજ કરવાને આપણને હુકમ આપ્યો, એની છોકરાંને યાદ કરાવો. શરીરના વિસામાને માટે તેમજ દેવ સંબંધી વિચાર કરવાને તથા તેને ભજવાને આપણને આ દિવસની અગત્ય છે.

૪. ૨૩ મી કલમમાં જે ખાસ હુકમ આપેલો છે તે, અને સાબ્બાથ દિવસને માટે માન્ના કેવી રીતે સાચવી રાખ્યું તે વિષે કહો.

૫. દેવે જે કહ્યું હતું તે કેટલાક લોકે ન માન્યું તેનું વર્ણન કરો. સાબ્બાથની સવારે તેઓ માન્ના એકઠું કરવાને બહાર ગયા અને કંઇ જડયું નહિ. આ પાપને લીધે તેમને જે શિક્ષા થઈ, એટલે તે દહાડે તેમને કંઇ ખાવાનું મળ્યું નહિ, તે વિષે કહો.

લાગુકરણ.—રવિવારને દહાડે આપણે શું કરીએ છીએ? રોજની નિશાળ કે પાઠ તે દહાડે હોતા નથી. આપણે સાબ્બાથશાળામાં જઈએ છીએ. દેવ સંબંધી આપણે જેટલું શીખી શકીએ તેટલું શીખીએ, અને વળી આ મતલબે આપણે એક દિવસ ખાસ પાળીએ એવી તેની ઇચ્છા છે; માટે સાબ્બાથશાળામાં કે દેવળમાં જવાનું આપણે કદી ચૂકવું નહિ.

પાઠ ૧૪ મો. ચોરી.

આખ્યાન—યહોશુઆ ૭; ૧-૨૬.

પાઠનો હેતુ.—ચોરી કરવી તે ખોટું અને હલકું કામ છે -એવી છાપ છોકરાંના મનમાં પાડવાનો.

પ્રસ્તાવના.—જે નવા દેશ સંબંધી દેવે ઇસ્રાએલીઓને વચન આપ્યું હતું તે દેશમાં છેવટે તેઓ કેવી રીતે આવી પહોંચ્યા તે કહો. પણ ત્યાં દુશ્મનો હતા ને તેમની જોડ તેઓને લડવાનું હતું. ઘણું કરીને તેઓ ફતેહમંદ થતા, પણ એક વખતે તેઓ કેવા હાર્યા ગયા, અને શા માટે હાર્યાં તે સંબંધીની આપણી આજની વાત છે.

વાર્તા.

૧. ઇસ્રાએલીઓએ કેવી રીતે આય પર હુમલો કર્યો અને હાર્યાં ગયા તે કહો.

૨. યહોશુઆનો ખેદ, પ્રાર્થના, અને દેવે તેને જે જવાબ આપ્યો તે સંબંધી કહો.

૩. લોકોના સમુદાયનું એકઠું મળવું, અને ચોરને ખોળી કાઢવા સંબંધીનું આબેહુબ વર્ણન કરો.

૪. ચોરને અને તેના કુટુંબને જે ભયંકર સજા થઇ તે વિષે કહો.

લાગુકરણ.—હિંદુસ્તાનમાં પોલીસ ચોરને પકડી લાવે છે ત્યારે તેને શું થાય છે? કોઈ પણ માણસ કેમ ચોર થાય છે? તમારો નથી એવો એક પૈસો લેવો તે પણ ચોરી છે. (કઇ કઇ ચીજની ચોરી કરવાને તેના વર્ગમાંના છોકરા વિશેષે કરી લલચાય છે એ શિક્ષક જાણશે).

પાઠ ૧૫ મો. મૂર્તિપૂજા.

કાર્મેલ પર્વત પર હરિફાઇ—૧ રાજા. ૧૮; ૧૭—૩૯.

પાઠનો હેતુ.—મૂર્તિપૂજાની મૂર્ખાઇ બતાવવાનો.

પ્રસ્તાવના.—મૂર્તિઓ સંબંધી વાત કરો. તેઓ શાની બનાવેલી હોય છે, અને છોકરાં તેમના સંબંધી ખરેખરૂં શું માને છે તે શોધી કાઢો.

વાર્તા.

૧. ઇસ્રાએલીઓ કનાનમાં વસ્યા પછી, તે દેશમાં રહેનારા અસલી લોક જેમ મૂર્તિપૂજા કરતા, તેમજ તેઓએ પણ મૂર્તિપૂજા કરવા માંડી, એ સંબંધી કહો. ત્યાં મનાતા મુખ્ય દેવનું નામ બઆલ હતું.

૨. એલીયાહ સંબંધી, અને તે સંતાતો ફરતો તેવામાં દેવે તેને કેવી રીતે ખવાડયું, તેની છોકરાંને યાદ દેવડાવો. ત્રણ વરસ સુધી રાજાએ તેની શોધ કરી પણ તે જડયો નહિ. વખત પૂરો થયા પછી છેવટે તે એકાએક રાજા પાસે આવ્યો, અને મૂર્તિઓનું ભજન કરવાને લીધે નિર્ભયતાથી તેને કેવી રીતે ઠપકો દીધો એનું વર્ણન કરો. અને એમ પણ કહ્યું કે તમે દેવને ભજવાનું મૂકી દીધું છે. માટેજ ત્રણ વરસનો દુકાળ અને આ સઘળું દુઃખ આવી પડયું છે. તે દેવ પાસેથી આવેલી શિક્ષા છે.

૩. સત્ય દેવ કોણ છે એ લોકો જુએ માટે એલીયાહે કેવું ચિહ્‌ન સૂચવ્યું તે કહો. કાર્મેલ પર્વત પરના દેખાવનું એટલે વેદી બાંધવાનું, યજ્ઞ તૈયાર કરવાનું, યાજકોએ કેવી રીતે બઆલની વિનંતી કરી પણ કંઇજ જવાબ ન મળ્યો, અને દેવે એલીયાહની પ્રાર્થનાનો કેવો જવાબ આપ્યો, એનું આબેહુબ વર્ણન કરો.

૪. સઘળા લોકો દેવનું ભજન કરવાને ઉંધા પડ્યા, અને અમે માત્ર યહોવાહનીજ સેવા કરીશું એવું જણાવ્યું, તેનો ચિતાર આપો.

લાગુકરણ.—મૂર્તિઓ જેમ તે લોકોનું સાંભળી શકી નહિ તેમજ આપણું પણ સાંભળી શકતી નથી, કેમકે તેઓ દેવ છેજ નહિ. માત્ર એકલો એકજ દેવ છે. તમે કોને ભજો છો ?

પાઠ ૧૬ મો. સ્વાર્થ.

ગેહઝી—૨ રાજા. ૫ : ૨૦–૨૭.

પાઠનો હેતુ.—સ્વાર્થ અને લોભ છેવટે માત્ર દુઃખ ઉપજાવે છે એ છોકરાંને દેખાડવાનો.

પ્રસ્તાવના.—ગયે અઠવાડીએ સાંભળ્યું તે ભવિષ્યવાદીનું નામ તમને યાદ છે? ભવિષ્યવાદી તે કોણ? છોકરાંને તેમના પોતાના વિચાર કહેવા દો, પછી તેઓનું કહેવું બરાબર છે કે નહિ, તે જુઓ. ભવિષ્યવાદીઓના ચાકરોએ કેવા હોવું જોઇએ? એક ભવિષ્યવાદી અને તેના ચાકરની આપણી આજની વાત છે.

વાર્તા.

૧. એલીશા ભવિષ્યવાદીની મદદ મેળવવા દૂર દેશમાંથી જે એક મોટો માણસ આવ્યો, અને મદદ મળ્યાની મહેરબાની માનતાં મોટી કિંમતી ભેટો આપવાનું મન કર્યું, તે સંબંધી બહુ ટુંકામાં કહો. (શિક્ષકે નાઅમાનની વાત લંબાવવી નહિ કેમકે તે આગળના પાઠમાં આવે છે, પણ અહિં તો માત્ર ગેહઝીની વાત મુખ્ય કરવી).

૨. એલીશાને ગેહઝી નામે એક ચાકર હતો અને આ મોટા માણસે એટલે નાઅમાને જે કહ્યું તે બધું તે સાંભળતો હતો. તેણે વિચાર કર્યો કે મારા શેઠને દ્રવ્યવાન થવાનો આ કેવો સારો લાગ છે! પણ એમ બની શકે? હા, પણ જે જે ભેટ આપવામાં આવી તે લેવા ખરેખર એલીશાએ ના પાડી! તને સાજો કરનાર તે તો દેવ છે અને તેથી તું તેનોજ આભાર માન, એવું એલીશા તે માણસને મનાવવા ઇચ્છતો હતો.

૩. તે મોટો માણસ બહુ રૂપાળા ઘોડા જોડેલી બહુ મોટી ગાડીમાં બેસીને, ઘણા ચાકરો તેની પછવાડે સ્વાર થઇ જતાં, કેવી રીતે નીકળી ગયો, તેનું વર્ણન કરો. જે ભેટ એલીશાએ લેવા ના પાડી હતી તે ભેટમાંથી થોડીક લેવાનું મન રાખતાં ગેહઝી તાકી રહ્યો હતો તેનો ચિતાર આપો. ગાડીની પછવાડે તે કેવી રીતે દોડી ગયો, મોટા માણસને જૂઠું કહ્યું, અને કેટલુંક દ્રવ્ય તથા સુંદર નવાં વસ્ત્રો લીધાં તે કહો.

૪. એલીશાની પાસે તે પાછો આવ્યો અને તેને જે ભયંકર શિક્ષા થઇ તે સંબંધી કહો.

લાગુકરણ.—જે જે રીતે છોકરાં સ્વાર્થ બતાવે છે તે તે રીતેનો ઇસારો કરતાં શિક્ષકને મુસ્કલી પડશે નહિ. જ્યારે જ્યારે નિશાળમાં, રમતમાં અથવા ખાવા વિગેરેમાં એકલપેટાં થાય છે, ત્યારે ત્યારે પણ ગેહઝીના જેવાંજ થાય છે, આ તેઓ સમજી શકે એવું શિક્ષણ આપવું.

પાઠ ૧૭ મો. જૂઠ.

અનાન્યા અને સાફીરા—પ્રે. કૃ. ૫; ૧–૧૧.

પાઠનો હેતુ.—આ બે માણસોને કેવી ભારે શિક્ષા થઇ તે જણાવવાથી જૂઠ તે નાનું પાપ તો નહિ પણ દેવને બહુ ધિક્કારપાત્ર લાગે છે, એ છોકરાંને બતાવવાનો.

પ્રસ્તાવના.—તમે કદી જુઠું બોલ્યા કે? શા માટે લોકો જુઠું બોલે છે? કોઈ માણસોએ જુઠું કહ્યું અને તેમનું શું થયું તે સંબંધી આજે આપણે સાંભળવાના છીએ.

વાર્તા.

૧. એક ધનવાન પુરૂષ અને તેની સ્ત્રી, નામે અનાન્યા અને સાફીરા, ખ્રીસ્તી થયાં. તેમની બધી ભોંય વેચી ખાધી, અને મંડળીને કેટલાક પૈસા આપવાનું અને કેટલાક પોતાને માટે રાખવાનું તેઓએ નક્કી કર્યું, એ સંબંધી કહો.

૨. મંડળીના કામકાજ સંબંધી વાતચીત કરતાં પ્રેરિતો એકઠા મળ્યા તેની કલ્પના કરો. અનાન્યાએ માંહે આવી કેટલાક પૈસા તેઓને આપીને કહ્યું કે મેં મારી ભોંય વેચી ખાધી છે, અને જેટલી રકમ આવી તેટલી બધી હું તમને આપવા ચાહું છું, એનું વર્ણન કરો. છોકરાંને પૂછો કે તેણે આમ શું કરવા કર્યું? અઘટિત માન મેળવવાની તેની જે ધારણા તેની છોકરાંને સમજ પડે છે કે નહિ તે જુઓ. દ્રવ્યનો કોઈ ભાગ પાછો રાખવામાં પાપ હતું એમ નહિ, પણ તે સંબંધી જુઠું કહેવામાં.

૩. પીતરે તેને જુઠું બોલવાને લીધે કેવો દોષિત ઠરાવ્યો, મોતની શિક્ષાથી દેવે તેને કેવો માર્યો, ને તે કેવી રીતે દટાયો એ સંબંધી કહો.

૪. તેની વહુની પણ તેવી ને તેવીજ હાલત થઈ તેનું વર્ણન કરો.

લાગુકરણ.—વાતમાંજ લાગુકરણ સમાઈ જાય છે. જો બરાબર રીતે વાત કહેવાય તો જુઠું બોલવું તે કેવું પાપીષ્ટ છે તે છોકરાં પોતેજ કબુલ કરશે. કોઈ છોકરો જુઠને લીધે

દુ:ખમાં આવી પડ્યો હોય એવો કોઈ દાખલો શિક્ષક જાણતો હોય તો તે પાઠને ટેકો આપવાને સાધનભુત થશે.

પાઠ ૧૮ મો. બીજા ખંડનું પુનરાવર્તન.

જે જે ખાસ પાપ દરેક વાતમાં આવી ગયું તેનું નામ આપતાં આ ખંડની વાતો છોકરાંને કહેવા દો. બતાવો કે :—

૧. પાપના ઘણા પ્રકાર છે, પણ બધા પ્રકાર ખોટા અને દેવને ધિક્કારપાત્ર છે. વાતમાં કહેલાં નથી એવાં બીજાં બે ત્રણ પાપનું નામ છોકરાંને આપવા દો.

૨. માણસોને એકદમ માલમ પડી આવ્યાં નહિ ખરાં, તોપણ એકે પાપ દેવની દૃષ્ટિથી સંતાડેલું ન હતું.

૩. હમેશાં શિક્ષા આવી. જુદી જુદી જાતની શિક્ષા વિષે છોકરાંને કહેવા દો. જેમાં ખાસ શિક્ષા બતાવેલી નથી એવો તો માત્ર ૧૨ મોજ પાઠ છે. આ બાબતમાં શિક્ષા એકદમ આવી નહિ, પણ આ ભાઇઓ સંબંધી આપણે ફરીથી સાંભળીશુ. કદાપિ તેમણે ધાર્યું હશે કે દેવ અમારા પાપની કંઈ ખબર લેનાર નથી ; પણ તેમનું શું થયું તે સંબંધી આપણે બીજા પાઠમાં સાંભળીશું. કોઈ વાર પાપની શિક્ષા આવતાં લાંબી વાર લાગે છે ખરી, પણ પાપ હમેશાં શિક્ષા તો લાવે છે.

ખંડ ૩ જો.—તારનાર.

મુખપાઠની કલમો.—માત્થી ૧; ૨૧. લુક ૨; ૧૧.
યોહા. ૧૪; ૧–૩. રૂમી. ૫; ૮.

પાઠ ૧૯ મો. તેનું આવવું.

ખ્રીસ્તનો જન્મ—લુક ૨; ૧–૨૦.

પાઠનો હેતુ.—છોકરાંની આગળ પ્રભુ ઇસુને જીવતા મનુષ્ય તરીકે બતાવવાનો આ આખા ખંડનો હેતુ છે. તેમની પેઠેજ તેણે પોતાનું જીવન શરૂ કર્યું એવું આ પાઠ તેઓને બતાવી આપશે.

પ્રસ્તાવના.—પ્રભુ ઈસુ દેવનો દીકરો હતો, સ્વર્ગ કે જ્યાં તે પહેલાં રહેતો હતો ત્યાંથી આવ્યો, અને માણસની માફક પૃથ્વી પર રહ્યો, એવી વાત છોકરાંની પાસેથી કઢાવતાં તેના સંબંધી છોકરાંને થોડા પ્રશ્નો પુછો. આવતાં થોડાં અઠવાડીઆં સુધી આપણે આ પૃથ્વી પરની તેની જીંદગી સંબંધીની વાતો શીખવાના છીએ. પહેલામાં પહેલી વાત તે કેવી રીતે આવ્યો તે સંબંધીની છે.

વાર્તા.

૧. નામ નોંધાવવા સારૂ યુસફ તથા મરિયમ બેથલેહેમ જતાં, તેઓ ઘણાં ગરીબ, એટલે જવાને વાસ્તે સારી ગાડી ન હતી માટે ધીમે ધીમે મુસાફરી કરતાં, બહુજ મોડાં પહોંચ્યાં, દરેક જગ્યા ભરાઇ ગએલી, અને ઢોરોની સાથે ગભાણમાં સુવાનું મળ્યું, એ બધાંનો ચિતાર આપો.

૨. રાતની વખતે દૂતોએ ઘેટાંપાળકોને આપેલા સંદેશા સંબંધી કહો.

૩. સવારમાં તેઓ ગભાણમાં આવ્યા અને યુસફ તથા મરિયમને નાના બાળક સુદ્ધાં જોયાં. તેઓએ જે જે જોયું તે અને તેઓ કેવા ખુશી થયા એ સવિસ્તર કહો.

લાગુકરણ.—જે જે કુટુંબમાં બાળક જન્મે છે તે કુટુંબમાં હમેશાં આનંદ થાય છે; પણ આ બાળક તો એક કુટુંબને નહિ પણ દરેક જણને આનંદરૂપ થયો. તે તમને તથા મને અને આખા જગતને આશીર્વાદિત કરવા આવ્યો. તેટલાજ માટે આપણે નાતાલ પાળીએ છીએ, અને તે દિવસે બક્ષિસો આપીને આપણે આનંદ બતાવીએ છીએ.

પાઠ ૨૦ મો. તેના ભજનારાઓ.

જ્ઞાની પુરૂષો—માત્થી ૨ ; ૧–૧૧.

પાઠનો હેતુ.—સઘળી દેશજાતિના અને સર્વ પદવીના લોકો દેવના દીકરાને ભજવાને આવ્યા એ બતાવવાનો.

પ્રસ્તાવના.—ઘેટાંપાળકોની વાતનું ખાસ વિવેચન કરતાં ગયા અઠવાડીઆના પાઠની યાદ કરાવો. આજે આપણે બીજા પરદેશી જોવા આવનારા ધનવાન માણસો કે જેઓ આ બાળકને ભજવાને આવ્યા તેમના સંબંધી સાંભળીશું.

વાર્તા.

૧. જ્ઞાની પુરૂષો. તેઓ યહુદી નહિ પણ બીજી દેશ-જાતિના હતા. કદાપિ એક હિંદુસ્તાનમાં રહેનાર હોય. તેઓ દ્રવ્યવાન, પ્રખ્યાત, અને બહુ વિદ્વાન હતા. તેઓએ મસીહના આવવા સંબંધીની ભવિષ્યવાતો સહિત યહુદી ધર્મશાસ્ત્ર વાંચેલું હોવું જોઈએ, અને તેનો જન્મ થશે ત્યારે તેની પાસે દોરી જનાર એક તારો દેખાશે, એવું માલમ

પડેલું હોવું જોઇએ. તેઓ તારા સંબંધી સઘળું જાણતા હતા, અને ખાસ આ તારાને માટે તેઓ દરરાતે તપાસ રાખતા હતા.

૨. તારો. જે તારાને માટે તેઓ જોયા કરતા હતા તે છેવટે દેખાયો, ત્યારે તેમની ઉલટ કેટલી બધી હશે તેની કલ્પના કરો. તારાની પછવાડે પછવાડે પહાડો અને અરણ્યમાં થઇને ઉંટ ઉપરની મુસાફરીનું વર્ણન કરો.

૩. રાજા. તેઓ યરૂશાલેમમાં પહોંચ્યા ને તે બાળક ક્યાં છે તેની ખબર હેરોદ રાજાને પૂછી તે કહો. શાસ્ત્રમાંથી શોધ કરતાં કરતાં તે બેથલેહેમ ગામમાં જન્મશે એવું જે ઠેકાણે લખ્યું છે તે જગ્યા યાજકોને મળી આવી તેનું વર્ણન કરો.

૪. બાળક. બેથલેહેમના ઉતારા સુધી જે તારો દોરી ગયો તે તારાની પછવાડે મુસાફરો ચાલ્યા, તેઓને બાળક જડયું, અને તેઓએ તેનું ભજન કરીને નજરાણાં આપ્યાં તે કહો.

લાગુકરણ.—ગરીબ યહુદી ઘેટાંપાળકો તેની પાસે આવ્યા એ સંબંધી આપણે ગયે અઠવાડીએ શીખી ગયા. આ અઠવાડીએ પરદેશથી મોટા માણસો આવ્યા અને તેનું ભજન કરીને તેમણે નજરાણાં તેને આપ્યાં એ સંબંધી આજે આપણે સાંભળીએ છીએ. જો તે વખતે આપણે હોત તો જઇને તે બાળક ઇસુને કંઇક બક્ષિસ આપવાનું મન ન થાત કે? હાલ એમ કરી શકીએ કે? હા, જ્યારે તેને ભજવાને સાબ્બાથ-શાળામાં આપણે આવીએ છીએ ત્યારે જે અનાજ અથવા પૈસો ધર્મના ઉઘરાણાની પેટીમાં નાખીએ છીએ તે આપણી ભેટ છે.

પાઠ ૨૧ મો. તેનું બાળપણ.

મંદિરમાં—લુક ૨ ; ૪૦–૫૨.

પાઠનો હેતુ.—છોકરા ઈસુ તરફ છોકરાંઓનો પ્રેમ ખેંચવાનો.

પ્રસ્તાવના.—છેલ્લી બે વાતો અને પ્રભુ ઈસુ જન્મ્યો હતો તે જગ્યાની યાદ કરાવો. ઉત્તરમાં બહુ છેટે નાઝારેથ ગામમાં વસવાને તે કુટુંબ ગયું હતું તે વિષે થોડા શબ્દોમાં કહો.

વાર્તા.

૧. ઘરમાં ઇસુ. નાઝારેથમાં સુથારનું ઘર, તેમનાં બીજાં કેટલાંક છોકરાં અને મોટો દીકરો કોઇ કોઈ વખતે કારખાનામાં મદદ કરવા લાગતો તેનો ચિતાર આપો. ઈસુ કેવો ભલો અને આજ્ઞાંકિત હતો (કલમ ૪૦ અને ૫૨) એ દરેક જાણતું હતું. દરવર્ષે માબાપ મોટા પર્વ વખતે યરૂશાલેમમાં જતાં, અને મારે તે મોટા શહેરમાં જવાનું ક્યારે થશે એની વાટ છોકરો ઇસુ જોયાં કરતો તેનું વર્ણન કરો.

૨. યરૂશાલેમ સુધી મુસાફરી. આખરે વખત આવી પહોચ્યો. ૧૨ વરસની વયે યહુદી છોકરા હમેશાં મંદિરમાં લઇ જવાતા. બીજા ભજનારાઓનાં ટોળાં સાથે શહેર સુધીની મુસાફરી અને આખે રસ્તે બીજા ભજનારાઓ પણ તેમને મળતા, તેની કલ્પના કરો. (નકશા પર અંતર ધ્યાનમાં લેજો). શહેરની નજીક આવતા ગયા તેમ તેમ તેમને કેટલો ઉત્સાહ થયો હશે તેની કલ્પના કરો. જે છોકરા પહેલ-વહેલાજ જતા હતા તેમને તો દરેક વસ્તુ જોવાની હોંસ થઈ હશે પણ ઇસુ તો મંદિર જોવાને બહુજ આતુર થઇ રહ્યો હશે. (છોકરાંને સમજાવો કે તે મંદિરમાં મૂર્તિ ન હતી પણ તે દેવળની માફક હતું, ને ત્યાં તો પરમેશ્વરનું ભજન થતું).

૩. મંદિરમાં. કેટલાક દહાડા સુધી પર્વ ચાલ્યું. બીજાં હરકોઇ વાનાં કરતાં પ્રભુ ઈસુને મંદિર સંબંધી બહુજ આસ્થા ઉત્પન્ન થઈ અને વખતોવખત ત્યાં યાજકો અને બીજા પંડિતો જોડે વાત કરતો અને સર્વ જાતના પ્રશ્ન પૂછતો, તે કહો. એટલો નાનો છોકરો હરેક વાત જાણવાને એટલો બધો આતુર છે અને કયારનો તે આટલું બધું જાણતો હતો એ જોઈને તેમને તો બહુજ અચંબો લાગ્યો.

૪. ઘર ભણી મુસાફરી. પર્વને અંતે બધા લોકો કેવા પાછા પોતપોતાના ઘર ભણી ચાલી નીકળ્યા તે વર્ણવો. નાઝારેથના લોકો બધા એકજ માર્ગે ચાલ્યા, પણ બધા સંઘાતે ગયા નહિ. યુસફ અને મરિયમ પણ જુદી જુદી ટોળીમાં હતાં અને યુસફ ધારતો કે ઈસુ મરિયમ સાથે હશે અને મરિયમ ધારતી કે તે યુસફ સાથે હશે. રાત પડી ત્યારેજ તેઓએ જાણ્યું કે ઈસુ સાથે નથી. યરૂશાલેમમાં તેઓ પાછાં ગયાં અને ખેદથી શહેરમાં શોધ કરી તેનો ચિતાર આપો. આખરે તે મંદિરમાં જડયો. પણ પ્રથમ તેઓએ તેની શોધ ત્યાં ન કરી તેથી તે કેવો અજાયબ થયો તે કહો. પછવાડે રહી જવાની તેની મતલબ ન હતી, પણ તેઓ નીકળ્યાં તે તેણે જાણ્યું નહિ; જ્યારે તેને આવવાનું કહ્યું ત્યારે તે એકદમ તેમની જોડે ચાલી નીકળ્યો.

અનુકરણ.—ઇસુના જેવો સભ્ય છોકરો બીજો કોઇ થયો નથી. આપણે તેનો નમુનો લઇ તેના જેવા ભલા અને આજ્ઞાંકિત થવાને યત્ન કરીશું.

પાઠ ૨૨ મો. તેનો નમુનો.

પરીક્ષણ—માત્થી ૪ ; ૧–૧૧.

પાઠનો હેતુ.—જેમ ઇસુએ કર્યું, તેમ પરીક્ષણ સામે થવાને છોકરાંને ઉત્તેજન આપવાનો.

પ્રસ્તાવના.—આદમ તથા હવાની પાસે પહેલું પાપ કોણે કરાવ્યું ? તેઓની જોડે શેતાન બોલ્યો અને તેમને લલચાવ્યાં, તે છોકરાંની પાસે કહેવડાવો. પૂછો કે ઇસુ કદી પાપ કરવાને લલચાયો એમ તમને લાગે છે ? હા, જ્યારે તે છોકરો હતો ત્યારે જેમ બીજા છોકરાને તેમજ તેનું પરીક્ષણ થતું, પણ એમાં મોટો ફેર હતો, એટલે તેણે શેતાનની વાત પર કદી કાન ધર્યો નહિ ને કદીએ ભુંડું કર્યું નહિ.

વાર્તા.

૧. રાન. તે માણસ થયો, અને બોધ કરવાનું શરૂ કર્યું તે પહેલાં ઇસુની પાસે કંઈક પાપ કરાવવાનું શેતાને નક્કી કર્યું. ઇસુ એકલો કેવી રીતે રાનમાં ગયો તે કહો. નિર્જન, જંગલી અને ઉજ્જડ એવી જગ્યાનું વર્ણન કરો.

૨. ચાળીસ દિવસ. અહિં શેતાન તેની પાસે આવ્યો અને તેની નજરમાં આવે એમ હરેક વાતે તેને લલચાવ્યો. ૪૦ દિવસ સુધી આ મોટી લડાઇ ચાલી અને હરેક વખત ઇસુ જયવંત નીવડ્યો. તેની પાસે એકે ખોટો વિચાર કરાવવામાં કે એકે ખોટું વચન કહેવડાવવામાં કે એકે ખોટું કામ કરાવવામાં શેતાન ફાવ્યો નહિ.

૩. છેલ્લું પરીક્ષણ. ૪૦ દિવસને અંતે શેતાને ત્રણ ખાસ પરીક્ષણનો યત્ન કરી જોયો, તે તેમને કાળજીથી **કહો.**

अ. આ ચાળીસ દિવસોમાં ઇસુએ કંઇ ખાધું ન હતું, તેથી તે બહુજ ભુખ્યો થયો હતો એ જોઇને શેતાને કહ્યું કે, "તું દેવનો દીકરો છે એવો લોક તારા પર વિશ્વાસ કરે એવું તું ચહાતો હોય તો આ પત્થરની રોટલી કર, ને લોક તારા પર વિશ્વાસ કરશે."

ब. શેતાન તેને યરૂશાલેમમાંના મંદિરના એક ઉંચા ભાગ પર લઈ ગયો અને તેને કહ્યું, "બધા લોકની આગળ તું પોતાને જમીન ઉપર પાડી નાખ અને દેવ તને ઇજા થવાથી બચાવી રાખશે એવો વિશ્વાસ કર."

क. છેલ્લે શેતાન તેને એક ઉંચા પહાડ પર એકલો લઇ ગયો અને જગતનાં સઘળાં રાજ્યો સંબંધી તેને કહી બતાવ્યું. તેણે કહ્યું, "જો તું માત્ર પગે પડીને મારૂં ભજન કરશે, તો હું તને આખા જગતનો રાજા બનાવીશ." પણ ઇસુએ કહ્યું, તારૂં કહેલું એકે કામ હું કરવાનો નથી, તેથી શેતાનને હારીને જવું પડ્યું.

લાગુકરણ.—આ ઉપરથી આપણે જોઇએ છીએ કે ઇસુ શેતાન કરતાં ઘણો જોરાવર છે. જ્યારે જ્યારે ભુંડું કરવાને શેતાન આપણને લલચાવે છે, ત્યારે ત્યારે તેને હરાવવાને ઇસુની પેઠે શક્તિમાન થવાની ઇચ્છા ન કરીએ શું? આપણને મદદ કરે એવું ઇસુ પાસે માગીએ તો તે આવીને આપણા પક્ષમાં લડશે ને તે પોતે જીત્યો છે માટે આપણને જીત પમાડવાને કેવી રીતે મદદ કરવી તે તે બરાબર જાણશે.

પાઠ ૨૩ મો. તેનો મહિમા.

રૂપાંતર—લુક ૯ ; ૨૮–૩૬.

પાઠનો હેતુ.—પ્રભુ ઈસુ માણસની પેઠે દુનીઆ પર રહ્યો ખરો, તો પણ દેવે તેને તેના કેટલાક શિષ્યોની સમક્ષ ખાસ રીતે માનવંત કર્યો, અને તેને પોતાનો દીકરો કહ્યો, એ બતાવવાનો.

પ્રસ્તાવના.—ઈસુ દેવનો દીકરો હતો, અને તે સ્વર્ગથી કેવી રીતે આવ્યો એની છોકરાંને યાદ દેવડાવો. બીજા લોકથી તે કંઈક જુદો દેખાયો એવું છોકરા ધારે છે? ના, તે બહુજ માયાળુ હતો એ સિવાય બીજી રીતે ઘણું કરીને જુદો દેખાતો ન હતો. માત્ર એકજ વખતે તેના શિષ્યોએ તેનો ખરેખરો મહિમા જોયો તે વિષે હું તમને કહું છું.

વાર્તા.

૧. પોતાના બાપ પ્રભુની જોડે વાત કરતાં ઈસુ પ્રાર્થનામાં કેટલો બધો વખત ગાળતો તે કહો. કોઈ કોઈ વખત તો દેવ જોડેની સંગતમાં તે આખી રાત એકાંત જગ્યામાં રહેતો. એક રાતે તેના શિષ્યોમાંના ત્રણને લઈને તે એક ઉંચા પહાડ પર ગયો. તેઓ બહુ થાકેલા હોવાથી ઉંઘી ગયા પણ ઈસુ આ સઘળો વખત પ્રાર્થના કર્યા કરતો હતો.

૨. તેવામાં ઝટપટ તેઓ જાગી ઉઠયા અને એક અજાયબ દેખાવ જોયો. તેઓએ જે જોયું તે ચોકસાઇથી છોકરાંને વર્ણવી બતાવો. મુસા અને એલીયાહ કોણ હતા એ છોકરાંને યાદ છે? પણ આ માણસો ઘણાં વર્ષો ઉપર મરી ગયા હતા ત્યારે કેમ કરીને આ રાતે ત્યાં આવ્યા? પોતાના દીકરાને માટે સંદેશો લઇને દેવે તેઓને સ્વર્ગમાંથી મોકલ્યા હતા. તેઓ

શા સંબંધી વાત કરતા હતા? તેઓ ઇસુના મરણ સંબંધી વાત કરતા હતા. તે સંબંધી આપણે બીજે અઠવાડીએ સાંભળીશું.

૩. જે જે જોયું તેથી પીતર એટલો બધો ખુશ થયો કે ઇસુ તથા સ્વર્ગથી આવેલા બે માણસો જોડે હમેશાં ત્યાં ને ત્યાંજ રહેવાનું માગ્યું. જે વાદળીએ આવીને તેમને સંતાડ્યા, તેમની જોડે દેવ વાત કરતો, તેણે જે કહ્યું તે તેઓએ સાંભળ્યું; અને વાદળી જતી રહી ત્યારે એકલો ઇસુજ જેવો હમેશાં તેઓ જોતા હતા તેવોજ પડતો મુકાયો, એ વિષે કહો.

લાગુકરણ.—ઇસુને તેના મહિમામાં જોવાનું તમારૂં મન છે? જેમ તે પાપ પર જીત પામ્યો તેમ આપણે પાપને જીતીએ તો આપણે સ્વર્ગમાં જઇને સદા તેને મહિમાવાન કરાએલો જોઇશું.

પાઠ ૨૪ મો. તેનું મરણ.

નિષ્પાપી જન વધસ્તંભે જડાયો—લુક ૨૩; ૧-૫૬.

પાઠનો હેતુ.—પ્રભુ ઇસુ છોકરાંને માટે મરી ગયા એ બતાવવાનો, અને પ્રભુનાં દુઃખ સંબંધી તેમના મનમાં દિલસોજી ઉપજાવવાનો.

પ્રસ્તાવના.—ફરીથી પ્રભુ ઇસુની નિષ્પાપી જીંદગી સંબંધી કહો. તે બહુજ ભલો હતો તેથી ભુંડા લોકે તેનો ધિક્કાર કર્યો. તેના દુસ્મનો ઘણા હતા. એક વખતે તેઓએ તેને પત્થરે મારવાનો યત્ન કર્યો, અને વખતોવખત હરકોઇ રીતે તેનું કાસળ કાઢવાને તાકી રહેતા તે સંબંધી થોડાજ શબ્દોમાં કહો. છેવટે જુદા સાહેદીની મદદથી તેઓએ તેને કેદી કરાવ્યો.

વાર્તા.

૧. તપાસ થઇ. (આ બધી હકીકતનો શિક્ષક અલબત અભ્યાસ કરશે, પણ આ સઘળી વિગતો છોકરાંને કહેવાથી તેઓને ગુંચવણ લાગશે, માટે તેમને તો ફક્ત હેરોદની આગળ થએલી તપાસ સંબંધી કહેવું તે ઠીક પડશે). ન્યાયની અદાલત, આસનમાં બેઠેલો રાજા, ઇસુની ચારોગમ ઉભેલા સિપાઇઓ અને અમલદારો, તેને મારી નાખવાની માગણી કરનાર યાજકો અને સર્વ વર્ગના લોકોનું ટોળું, પ્રભુ પોતે બાંધેલા, તેનો એક મિત્ર તેની જોડે નહોતો, લોકો જે જે જૂઠું ને ભૂંડું તેના સંબંધી બોલતા તે વિષે એક પણ ઉત્તર ન આપતાં, વચમાં ખડો કરાએલો, એ સર્વનો ચિતાર આપો. તેને રાજા બનાવવાનો ઢોંગ કરતાં તેઓએ તેના કેવા ઠઠ્ઠા કર્યા તેનું વર્ણન કરો.

૨. ગુન્હેગાર ઠરાવાયો. તેની વિરૂદ્ધ ન્યાયચુકાદો કરાયો એટલે તેના દુશ્મનોની માગણી કેવી રીતે પૂરી થઇ એ કહો. તેઓ તેને કેવી રીતે લઇ ગયા અને ભારે વધસ્તંભ તે ઉંચકી શક્યો નહિ તેનું વર્ણન કરો. કાલવરી એટલે શહેરની બહારની લીલી ટેકરી, ઘોંઘાટ કરતું નાડું જતું ટોળું, ઇસુ પોતે શાંત અને ગુપચુપ, ભયરહિત, પણ બહુ ઉદાસ, તો પણ સર્વ લોક પર પ્રેમ કરતો,—તે સર્વનો ચિતાર આપો.

૩. વધસ્તંભે જડાયો. ઇસુ અને બે ચોરોને કેવી રીતે ત્રણ વધસ્તંભ પર ખીલા ઠોકી જડયા અને પછી ત્રણ વધસ્તંભ ઉભા કરીને ચોઢયા એ કહો. ઉભા રહી જોનારા લોક, એટલે ઘાતકી અને નિશ્ચિંત સિપાઈઓ, તેમની માગણી પૂરી થવાથી ખુશી થતા યાજકો, બીજા ઘણા અનાડી અને નિર્લજ્જ ઘોંઘાટ

કરનારા, અને વચલા વધસ્તંભની આસપાસ ટોળે મળી રડતી રડતી ઉભેલી ઇસુની થોડી સ્ત્રીમિત્રણો,—તેનું વર્ણન કરો. ઇસુ બોલતો હતો, એટલે પ્રાર્થના કરતો હતો કે, "હે બાપ, તેઓને માફ કર કેમકે જે તેઓ કરે છે તે તેઓ જાણતા નથી." આવા ભુંડા અને ઘાતકી માણસો પર પણ તેનો આટલો બધો પ્રેમ હતો કે તે તેમના પર રીસે ભરાયો નહિ, પણ તેમને માફ કર્યું, અને તેમને માટે પ્રાર્થના કરી. લાંબી વાર દુ:ખ ભોગવ્યા પછી તેણે કહ્યું કે, "ઓ બાપ, હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું," એમ કહીને પ્રાણ છોડયો, એ કહો.

૪. દટાયો. તેના એક મિત્રે તેનું શબ લઈ જવાને હાકેમ પાસે માગણી કરી, અને પછી કેટલી સંભાળથી અને કેટલા પ્રેમથી વાડીમાં પોતાને માટે તૈયાર કરેલી કબરમાં તે દાટયું, તે ટુંકામાં કહો.

લાગુકરણ.—આ બધું તેણે તમારે માટે સહ્યું અને તેના આમ મરવાથી તેણે તમારાં પાપ માથે લીધાં અને તેનાજ મરણથી તમે પાપથી બચી શકો, એ ટુંકમાં છોકરાંને કહો.

પાઠ ૨૫ મો. મરણ પર તેની જીત.

પુનરૂત્થાન—યોહાન ૨૦; ૧–૨૩.

પાઠનો હેતુ.—પ્રભુ ઉપર મરણની સત્તા ન હતી, પણ તે આજે જીવતો છે એ બતાવવાનો.

પ્રસ્તાવના.—ફરીથી પ્રભુના મરણ સંબંધી અને તેના મિત્રોના ખેદ સંબંધી કહો.

વાર્તા.

૧. વિશ્રામવાર વીતી ગયો ત્યાં સુધી તેઓએ રાહ જોઇ' અને પછી કેટલીક બાયડીઓએ તેના શરીર પર નાખવા સારૂ

સુગંધી પદાર્થો લઇ મોટી સવારે કબર પાસે ગઈ, તે કહો. કબર ઉઘાડી પડેલી અને શબ ગએલું જોઇને તેમને અચંબો લાગ્યો, તે આબેહુબ વર્ણવો.

૨. પછી શિષ્યો હતા તે ઘરમાં તેઓ કેવી દોડી ગઇ ને તેઓને તે કહ્યું; તરત પીતર અને યોહાન દોડતા દોડતા કબરની પાસે આવ્યા અને બાયડીઓનું કહેલું સાચું છે કે કેમ તે નક્કી કરવાને કબરમાં જોયું, અને પછી બાકીનાઓને કહેવાને ઉતાવળા દોડી ગયા, એ કહો.

૩. પણ મરિયમ માગદાલેણ તો હજુએ કબર પાસે રડતી ઉભી રહી. ફરીથી તેણીએ કબરમાં જોયું અને બે દૂતો દેખાયા, તેનો ચિતાર આપો. તેઓએ તેને શું કહ્યું તે કહો (માર્ક ૧૬; ૬).

૪. કબર પાસેથી પાછી ફરીને તેણીએ પ્રભુએ જોયો. તેની સાથે તેણીએ જે વાતચીત કરી તે કહો.

૫. દિવસ પૂરો થતાં જે લોકોએ અમારા ગુરૂને મારી નાખ્યો, તેઓ અમને પણ મારી નાખે એવા ભયથી ઘણાખરા શિષ્યો એકાંત ઓરડીમાં ગુપચુપ ભેગા થયા અને બારણાં બંધ હતાં. ત્યાં ઇસુ કેવી રીતે દેખાયો અને તેમની જોડે વાત કરી તે કહો. તેથી તેઓની પૂરી ખાતરી થઈ કે ઇસુ પાછો જીવતો થયો છે. આથી તેઓ કેટલા ખુશી થયા હશે તેનો વિચાર કરો!

લાગુકરણ.—તે આજે પણ જીવતો છે એવું છોકરાં ધારે છે શું? તે શિષ્યોને દેખાયો તે દહાડે જેમ જીવતો હતો તેમજ આજે પણ છે, અને જાણે કે આપણે તેને જોઇ શકતા હોઇએ તેમ પ્રાર્થનામાં જ્યારે આપણે તેની જોડે વાત કરીએ છીએ ત્યારે તે આપણું સાંભળી શકે છે, એવું છોકરાં માને છે કે નહિ તે જુઓ.

પાઠ ૨૬ મો. તેનું આકાશગમન અને દૂતોનો સંદેશો.

સ્વર્ગારોહણ—પ્રે. કૃ. ૧ ; ૧-૧૪.

પાઠનો હેતુ.—પ્રભુ જીવતો છે તે વાત પર ફરીથી ભાર મૂકવાનો.

પ્રસ્તાવના.—ગયા અઠવાડીઆના પાઠની કેટલીક વિગતો છોકરાંને યાદ કરવા દો. અને પુનરૂત્થાન પછી ૪૦ દહાડા સુધી ઈસુ પૃથ્વી પર જીવતો હતો અને જે લોકો તેના પર પ્રેમ કરતા તેમને દર્શનો દેતો રહ્યો એ વિષે કહો.

વાર્તા.

૧. આવી રીતે એક દહાડો તે તેમને દેખાયો, ત્યારે બેથાનીઆ જે યરૂશાલેમની પાસે જૈતુનના પહાડ પર એક ગામ છે ત્યાં સુધી તેમની સંઘાતે ચાલતો ગયો. શિષ્યોની આશા હતી કે હમણાં તે યહુદીઓના રાજા તરીકે પ્રગટ કરાશે, પણ ઇસુએ તેમને કહ્યું કે પહેલાં તમારે જઇને બીજી સર્વ પ્રજાઓને કહેવું જોઇએ કે હું તેમને માટે મરણ પામ્યો છું.

૨. વાત પૂરી કરી રહ્યો ત્યારે તે કેવો ઉપર લઇ જવાયો અને વાદળાંએ તેમની નજર આગળથી તેને ઢાંકી દીધો તેનું વર્ણન કરો. તે સ્વર્ગમાં તેના બાપની પાસે પોતાને ઘેર ગયો હતો.

૩. તેને જતાં જોયો, ત્યાં સર્વ લોકો તે તરફ જોતા ઉભા રહેલા હતા તેનું વર્ણન કરો. બે દૂતો તેમની પાસે આવ્યા અને તેમને જે કહ્યું તે, અને ઇસુ કોઇ દહાડો પાછો આવશે એ જાણીને કેવા ખુશી થતા થતા તેઓ પાછા યરૂશાલેમમાં ગયા

તેનું વર્ણન કરો. ત્યાર પછી તેઓના સઘળા બોધમાં અને લખાણમાં જેમ તેને જતાં જોયો હતો તેમજ તે પાછો આવશે એવી વાત શિષ્યો વખતોવખત કહેતા હતા.

લાગુકરણ.—હજુ તે આવ્યો નથી તેથી દૂતોનો સંદેશો પૂરો થવાની રાહ હજુએ આપણે જોઇએ છીએ. તેને પાછો આવતો જોવાનું તમારૂં મન છે? કોઇના આવવાની આપણે આશા રાખતા હોઇએ તો તેમને માટે આપણે તૈયાર થઇએ છીએ. ઇસુના આવવા માટે આપણે કેવી રીતે તૈયાર થઇ શકીએ? જેથી તે પ્રસન્ન થાય એવાં કામ હમેશાં કરવાનો પ્રયત્ન કરવાથી આપણે તૈયાર થઈ શકીએ.

પાઠ ૨૭ મો. ત્રીજા ખંડનું પુનરાવર્તન.

આગલાં પુનરાવર્તનોમાં થયું તેમજ આ ખંડની પણ વાર્તા છોકરાં પાસે કહેવડાવો. નીચેની વાતો સંબંધી તેઓ સાફ સમજે છે કે નહિ તે જુઓ.

૧. પ્રભુ ઇસુ દેવનો દીકરો છે અને તે આકાશથી આવ્યો
૨. આપણામાંના હરકોઇની માફક તે દુનીઆ પર જીવતો.
૩. તેનું નિષ્પાપી જીવન.
૪. તેના મરણનું કારણ.
૫. તે મુએલાંમાંથી પાછો ઉઠ્યો અને હાલ જીવતો છે.

ખંડ ૪ થો.—તારણ.

મુખપાઠની કલમો.—ગી. શા. ૧૦૩; ૧-૬. યોહાન ૩; ૧૬. પ્રે. કૃ. ૧૬; ૩૧.

પાઠ ૨૮ મો. એક કુટુંબ કેવી રીતે બચી ગયું.

નુહ અને તેનું વહાણ—ઉત્પ. અધ્યાય ૬, ૭, અને ૮.

પાઠનો હેતુ.—આજ્ઞાપાલનથી નુહ અને તેનું કુટુંબ બચી ગયું એ બતાવવાનો.

પ્રસ્તાવના.—પાણીની રેલ સંબંધી છોકરાં જાણતાં હોય તે અને વળી શાથી રેલ આવે છે, તેથી શું નુકસાન થાય છે, તે બધું છોકરાંને કહેવા દો. કદાપિ ખરેખર જોઇ હશે એવી રેલ સંબંધી તેઓ કહી શકશે. બીજી બધી રેલો કરતાં મોટી અને ભયંકર રેલ સંબંધીની આજે આપણી વાત છે.

વાર્તા.

૧. ચેતવણી. દેવે જગત ઉત્પન્ન કર્યું ત્યાર પછી થોડી-વારમાં લોકો બહુ ભુંડા થઈ ગયા હતા. પાપ કેવી રીતે પેઠું તેની છોકરાંને યાદ છે? આ નાની શરૂઆતથી તે વધતાં વધતાં એટલું બધું થયું કે દેવે એમ કહ્યું કે, આ ભુંડા લોકને હું વધારે વાર સુધી જીવવા દઇ શકતો નથી. માત્ર નુહ નામે એકજ ભલો માણસ દેવ પર પ્રેમ કરતો અને તેનું ભજન કરતો હતો. દેવે પોતાની યોજના સંબંધી એટલે નુહના તથા તેના કુટુંબના બચાવને માટે એક મોટું વહાણ બનાવવાનું, અને જે શિક્ષા આપવાની હતી તે સંબંધી સઘળા લોકને ચેત-વવાને તેને કહ્યું.

૨. તૈયારી. રેલ આવવાની છે એવું તમે આગળથી જાણતા હો, તો તમે શું કરો? આ વાતમાં માત્ર એકજ

કુટુંબે કેવી રીતે દેવની ચેતવણી માની, ને તે પર કાન ધર્યો, નુહે કેવી રીતે વહાણ બાંધ્યું, સઘળાં પ્રાણીઓ તેણે કેવા રીતે એકઠાં કર્યાં, અને તે તથા તેનું કુટુંબ કેવી રીતે વહાણમાં દેવથી બંધ કરાયાં, તે કહો.

૩. જળપ્રલય. ચાળીસ દહાડા સુધી વરસાદ કેવી રીતે વરસ્યો અને જમીન દેખાઇ નહિ એટલે ઉંચે સુધી પાણી કેવી રીતે ચઢયાં તેનું આબેહુબ વર્ણન કરો. તે દિવસોમાં વહાણમાંનુ જીવન કેવું હશે તે વિષે છોકરાંને કંઈક અટકળ કરવા દો. વરસાદ બંધ થયા પછી ઘણીવારે એટલે બધા મળી ૧૫૦ દિવસે પાણી ઓસરી ગયાં હતાં. તે વખતે પૃથ્વી કેવી દેખાતી હશે તેનો અને નુહે બહાર જોવાને પક્ષીઓને મોકલ્યાં તેનો ચિતાર છોકરાંની નજર આગળ લાવો.

૪. મેઘધનુષ્ય. પાણીનું સૂકાવું, લોકોનું વહાણમાંથી બહાર આવવું, મેઘધનુષ્ય તથા દેવનું વચન એ સંબંધીનું વર્ણન કરો.

લાગુકરણ.—બીજે વખતે તમે મેઘધનુષ્ય જુઓ અથવા રેલ આવે ત્યારે આ વાતની યાદ કરજો, અને દેવની આજ્ઞા માનવાથી નુહ અને તેનું કુટુંબ મોટી રેલમાંથી કેવી રીતે બચી ગયાં તે સંબંધી બીજા કોઇને કહેજો.

પાઠ ૨૯ મો. એક દેશજાતિ કેવી રીતે બચી ગઇ.

ગિદઓન અને તેની ફોજ—ન્યાયાધીશ અધ્યાય ૬, ૭.

પાઠનો હેતુ.—દેવ પરના ગિદઓનના વિશ્વાસથી ઇસ્રાએલીઓ બચી ગયા એ બતાવવાનો.

પ્રસ્તાવના.—ઇસ્રાએલીઓ સંબંધી આજે એક બીજી વાત આવે છે. તેઓ કોણ હતા તે છોકરાંને યાદ છે?

વાર્તા.

૧. ઇસ્રાએલીઓનાં પાપને લીધે દેવે પડોશની પ્રજાઓથી તેમને કેવા હારવા અને ત્રાસ પામવા દીધા તે કહો. ઇસ્રાએલીઓનો ભય તથા ખેદ અને મિદ્યાનીઓની મોટી ફોજનો ચિતાર આપો.

૨. ગિદઓન નામે એક જુવાન માણસ સંતાવાની જગ્યામાં ઘઉં ઝુડતો હતો તેનું વર્ણન કરો. "દુશ્મનોના હાથમાંથી તારે તારા લોકને બચાવવા જોઇએ," એવો દેવ તરફથી સંદેશો લાવનાર જે દૂતે તેને દર્શન દીધું તેનો ચિતાર આપો.

૩. ગિદઓનના ખેપીઆ આખા દેશમાં જાય છે અને તેને માટે તેઓએ કેવી મોટી ફોજ એકઠી કરી તેનું વર્ણન કરો. (૬; ૩૪, ૩૫). દેવે તેને કહ્યું કે લશ્કર બહુ મોટું છે માટે તેણે ઘણા માણસોને કેવી રીતે મોકલી દીધા એ બહુ ટૂંકમાં કહો.

૪. બાકી રહેલા માણસો માત્ર ત્રણસોજ હોવાથી ગિદઓન બીવા લાગ્યો. તે કેટલી સાવચેતીથી દુશ્મનોની છાવણીમાં ગયો, એક માણસને તેનું સ્વપ્ન બીજાને કહેતાં સાંભળ્યો અને તેથી તેનો વિશ્વાસ દૃઢ કરાઇને તે પાછો આવ્યો, તેનું વર્ણન કરો.

૫. તેના ૩૦૦ માણસોને ગિદઓને કેવી રીતે ગોઠવ્યા, તેનું આબેહુબ વર્ણન કરો. તેઓએ હાથમાં શું લીધું હતું અને કેવી રીતે દુશ્મનની છાવણી પાસે આવી પહોંચ્યા તે કહો.

તેમના હોંકારા સંબંધીનું અને મિદ્યાનીઓની હેબક તથા તેમની નાસભાગ સંબંધીનું વર્ણન કરો.

લાગુકરણ.—છોકરા અને છોડીઓ ગિદઓનના જેવાં થવા, અને જેમ તેણે મોટું કામ કર્યું તેમ મોટું કામ કરવા ચહાતાં હોય તો તેઓએ પણ દેવ પર દૃઢ વિશ્વાસ રાખવો જોઇએ.

પાઠ ૩૦ મો. એક નગરનો બચાવ કેવી રીતે થયો.

યૂના નીનવેહમાં—યૂના. અધ્યાય ૧, ૩.

પાઠનો હેતુ.—તારણને માટે પસ્તાવાની અગત્ય છે એ બતાવવાનો.

પ્રસ્તાવના.—જે સૌથી મોટું શહેર છોકરાંએ જોયું હોય તેનું નામ શું? તેની હકીકત તેમની પાસે કહેવડાવો, એટલે તેમાં કેટલા લોક વસતા હશે એ સંબંધી તેઓ શું ધારે છે? કદાપિ તેઓ થોડાજ ધારશે અને શિક્ષક તેમને બરાબર સમજાવવાને કહેશે કે તે કરતાંએ બહુજ મોટા નગરની વાત આજે આવે છે.

વાર્તા.

૧. નીનવેહ. એક મોટું નગર, ભપકાદાર મહેલો, મોટાં ઘરો, શ્રીમંત લોકો, તેનું રક્ષણ કરવા ઉંચો કોટ, તેમાં એક મોટો રાજા હતો, એ સઘળાંનો ચિતાર આપો. પણ તે બહુ ભુંડું શહેર કે જેમાં કોઈ પણ લોકો દેવનું ભજન કરતા નહિ. મૂર્તિઓ બેસાડેલી એવાં ઘણાં દહેરાં, ઘણા લોક ઠગતા અને બહુ નિર્દય હતા અને એ સિવાય બીજાં ઘણાં ભુંડાં કામો કરતા.

૨. છોકરાંને મોટી રેલની વાત યાદ કરવા દો અને નુહની મારફતે દેવે લોકોને કેવા ચેતાવ્યા તેની યાદ દેવડાવો. આ શહેરને પણ ચેતાવવાનું તેનું મન હતું, તેથી તેના સેવક યૂનાને સંદેશો લઈને તે શહેરમાં જવાનું કહ્યું; પણ યૂનાને જવાનું મન ન હતું.

૩. યૂના સમુદ્રમાર્ગે દેવથી નાસી જવાને કેવો મથ્યો, તેના અનાજ્ઞાંકિતપણાથી ખલાસીઓ પર કેવું દુઃખ આવ્યું, તેને કેવી સજા થઇ, અને દેવે તેની કેવી સંભાળ લીધી અને તેને પાછો સહીસલામત ભૂમિ પર આણ્યો, તે કહો.

૪. ફરીથી સંદેશો લઈને નીનવેહમાં જવાનું દેવે યૂનાને કહ્યું. યૂના ત્યાં જાય છે અને લોકને બોધ કરે છે, તેનો ચિતાર આપો. તેનો સંદેશો કેવો હતો, વળી લોકે તેમનાં પાપનો કેવી રીતે પસ્તાવો કર્યો અને દયાને માટે દેવની પ્રાર્થના કીધી; અને તેઓએ પસ્તાવો કર્યો માટે દેવે તેઓને માફ કર્યું તે કહો.

લાગુકરણ.—કંઈ ખરાબ કામ કર્યુ હોય ત્યારે તમને કદી દુઃખ લાગ્યું કે? એમજ નીનવેહના લોકોને લાગ્યું. તમારાં પાપને લીધે તમે ખરેખરા દુઃખી થાઓ અને દેવની પ્રાર્થના કરો તો તે તમને પણ માફ કરશે.

પાઠ ૩૧ મો. એક આંધળો જુવાન માણસ કેવી રીતે બચ્યો.

જન્મનો આંધળો માણસ—યોહાન ૯; ૧-૪૧.

પાઠનો હેતુ.—એક આંધળા ભીખારીને પ્રભુ ઇસુએ કેવી રીતે દેખતો કર્યો અને બચાવ્યો તે બતાવવાનો.

પ્રસ્તાવના.—કોઇ આંધળા માણસને છોકરાં ઓળખતાં હોય તો તેના વિષે વાત કરો. આંધળા થવું તે શાની માફક હશે તેની કલ્પના કરો.

વાર્તા.

૧. એક જુવાન મજબૂત માણસ કે જે કામ કરવાને લાયક પણ આંધળો હોવાને લીધે તેમ કરવાને અશકત હતો, એવા માણસનું ચોકસાઇથી છોકરાંની આગળ આબેહુબ બ્યાન કરતાં તેની ભણી છોકરાંની દિલસોજી ઉપજાવો. માબાપ તેને પાળી શકયાં નહિ. તેથી ઉલટું તેમને તેની મદદની જરૂર હતી, પણ તે એકજ કામ કરી શકતો, એટલે ભીખ માગવાનું. યરૂશાલેમનું હરેક તેને ઓળખતું હતું અને તેના ઉપર દયા લાવતું.

૨. એક વિશ્રામવારની સવારે ઈસુ ત્યાં થઇને જતો હતો ત્યારે તે ભીખ માગતાં રસ્તાની કોરે બેઠો હતો, તેનો ચિતાર આપો. પ્રભુએ તેની આંખોને કેવું અંજન લગાડયું અને જઈને તે હોજમાં ધોયું, તે કહો. બીજા લોકની પેઠે જોઈ શકયો તેને લીધે તેના ઉત્સાહ અને હરખનો વિચાર કરો.

૩. વિશ્રામવારનો ભંગ કરવા વિષે પ્રભુના દુશ્મનોએ કેવી રીતે તેને દોષિત ઠરાવ્યો; તે વિષે તેઓએ તપાસ કરી અને દેખતા થએલા માણસને તથા તેનાં માબાપને સાક્ષી તરીકે તેડાવી મંગાવ્યાં, પણ ઈસુએ કંઇ ભુંડું કર્યું હોય એવું તેઓ સાબીત કરી શકયા નહિ એ કહો.

૪. જે માણસને દેખતો કર્યો હતો તેને પ્રભુ ઈસુ ફરીથી મળ્યો, પોતે કોણ છે તે વિષે તેને કહ્યું, ને માણસે વિશ્વાસ કર્યો અને તેનું ભજન કર્યું, એ વિષે કહો.

લાગુકરણ.—તમે આંધળા નથી એને માટે કદી દેવનો ઉપકાર માન્યો? યાદ રાખો કે તમારી આંખોને દેખતી બનાવનાર તે તેજ છે, તેથી આવા આશીર્વાદને માટે ખચિત તમારે તેનો આભાર માનવો જોઇએ.

પાઠ ૩૨ મો. ભૂત વળગેલો એક માણસ કેવી રીતે બચ્યો.

ગાડરેન—માર્ક ૫; ૧-૨૦.

પાઠનો હેતુ.—ઇસુ ભૂતથી પણ બચાવી શકે છે એ બતાવવાનો.

પ્રસ્તાવના.—ગયા અઠવાડીઆના પાઠમાં એક જુવાન આંધળો હોવાને લીધે લાચાર હતો તેની વાત યાદ કરાવો. આ અઠવાડીએ આપણે બીજા એક લાચાર જુવાન માણસ, પણ જે બહુ જુદા કારણને લીધે એવો લાચાર થઈ ગયો હતો તે સંબંધી સાંભળવાના છીએ.

વાર્તા.

૧. એક જુવાન, મજબૂત અને તંદુરસ્ત માણસ પણ દુષ્ટ આત્માની સત્તા તળે હોવાથી પોતા પર કાબુ રાખી શકતો નહિ તેનો ચિતાર આપો. તેની ચાલચલગતનું (કલમ ૪, ૫), અને તે કબરોમાં રહેતો તેનું વર્ણન કરો.

૨. એક દહાડો ઇસુ તથા તેના શિષ્યો હોડીમાં બેસીને ગાલીલ સમુદ્રને પેલે પાર આ કબરો પાસે ઉતર્યા કે તરત આ ગાંડો માણસ તેમને મળ્યો અને કેવી રીતે ઇસુના પગ આગળ પડીને તેનું ભજન કર્યું, તેનું આબેહુબ વર્ણન કરો.

૩. તે માણસ પર ઈસુને કરૂણા આવી અને તેનામાંથી નીકળવાને અશુદ્ધ આત્માને આજ્ઞા કરી તેની કલ્પના કરાવો. તે દેવનો દીકરો છે એવું ભૂતે જાણીને એકદમ તેની આજ્ઞા માની; પછી જે ભુંડોનું ટોળું નજીક કરાડા પર ચરતું હતું તેમાં અશુદ્ધ આત્માને પ્રભુએ પેસવા દીધા અને તેનું પરિણામ કેવું આવ્યું તે કહો.

૪. જે જે બન્યું તેની ખબર પાસેના ગામમાં કેવી ફેલાઈ ગઇ તે ટુંકામાં કહો. આથી લોક ખુશી થયા હશે કે દુઃખી તે વિષે તમે શું ધારો છો? સાજા થએલા માણસ કરતાં તેઓને તેમનાં ભુંડ, કે જે તેઓએ રાખવાં જોઇતાં ન હતાં, તેઓનો કેટલો બધો વિચાર પડયો, અને ઇસુને ત્યાંથી જવાની વિનંતી કરી,—તે કહો.

૪. પ્રભુ ઇસુનું તે માણસથી જુદા પડવું અને તેને જે કરવાનું કહ્યું તે કહો.

લાગુકરણ.—છોકરાંને કદી ભૂત વળગ્યું છે? કદાપિ આ માણસને વળગ્યું હતું તેમ નહિ પણ કોઇ છોકરો બહુ ગુસ્સે થાય છે ત્યારે (અથવા શિક્ષક બીજા કોઇ સાધારણ પાપ વિષે કહે) તે દુષ્ટ આત્માને પોતા પર અમલ ચલાવવા દે છે. દુષ્ટ આત્માઓથી સહીસલામત રહેવા ચહાતા હોઇએ તો આપણે તેમને પ્રભુ ઇસુથી હાંકી કઢાવવા જોઇએ.

પાઠ ૩૩ મો. એક નિરૂપાય માણસ કેવી રીતે બચ્યો.

પક્ષઘાતી—લુક ૫; ૧૮-૨૬.

પાઠનો હેતુ.—પ્રભુ ઇસુ કેવી રીતે બચાવી શકે એ ફરીથી બતાવવાનો.

પ્રસ્તાવના.—ત્રીજી વખતે નિરૂપાય માણસની વાત આવે છે. છોકરાંએ વખતોવખત નિરૂપાય અથવા અપંગ ભીખારીઓને જોયા છે. આપણા પ્રભુ ઇસુના સમયમાં એવા ઘણા લોક હતા કે જેઓ ટોળેટોળાં તેની પાસે સાજા થવાને આવતા.

વાર્તા.

૧. છોકરાંના મનમાં તે માણસ વિષે દયા અને દિલસોજી ઉપજે એવી રીતે તેના મંદવાડ તથા લાચારીપણા વિષે કહો. પ્રભુ જે અજાયબ સાજાપણું તથા બીજા ચમત્કારો કરતો હતો તે સંબંધી સાંભળવાથી તેને કેવી આશા ઉત્પન્ન થઈ તે કહો.

૨. તેના મિત્રોએ તેને ઇસુ પાસે લઈ જવાને નક્કી કર્યું, અને તેને લઈ જવાને કેવી રીતે ખાટલો તૈયાર કીધો તે, અને જ્યાં ઇસુ હતો ત્યાં સુધી ચાર માણસ તેને ઉંચકીને શી રીતે આખે રસ્તે લાવ્યા તે વિષે કહો.

૩. તેમની અડચણ, ઘરમાં ઇસુ, ઘરની ચારોગમ ભીડ, અને તેની પાસે જવાની અશકયતા એ વિષે કહો. તેઓ છાપરા પર ચઢી ગયા, થોડુંક ઉઘાડું કરી નાખ્યું, મહા મુસીબતે માંદા માણસને ઉંચો કર્યો અને જે બાકું તેઓએ પાડયું હતું તેમાં થઇને બરાબર તેને ઇસુના પગ પાસે ઉતાર્યો એનું વર્ણન કરો. માણસોથી ભરાએલી કોટડીના દેખાવનો ચિતાર આપો.

૪. પ્રથમ ઇસુએ તેનાં પાપ માફ થયાનું ઉચ્ચારણ કર્યું (આ માંદગી ખુલ્લી રીતે પાપનું ફળ હતું) ત્યારે ફરોશીઓ કેવા ગુસ્સે થયા અને છેવટે તે માણસ કેવો સાજો કરાયો એ વિષે કહો. તેના તારણને માટે તે દેવનો ઉપકાર માનતાં ને દેવની સ્તુતિ કરતાં, પોતે પોતાનો ખાટલો ઉંચકી લઇને જતો તે આનંદનું વર્ણન કરો.

લાગુકરણ.—થોડાં અઠવાડીઆં ઉપર આંધળા માણુસનો વિચાર કીધો તે વખતે આપણે દેખતા છીએ તેને માટે દેવનો ઉપકાર માનતા હતા. હમણાં આપણે બીજી બધી ઈંદ્રિયોને માટે દેવનો આભાર માની શકતા નથી શું? આપણે આમ તેમ દોડી શકીએ છીએ, રમી શકીએ છીએ, અને આપણા હાથો વાપરી શકીએ છીએ, આ બધા દેવના આશીર્વાદો છે.

પાઠ ૩૪ મો. એક સતાવનાર કેવી રીતે બચ્યો.

તાર્સસનો શાઉલ—પ્રે. કૃ. ૯; ૧-૩૧.

પાઠનો હેતુ.—ધાર્મિક માણુસને બચવાની જરૂર હતી એ બતાવવાનો.

પ્રસ્તાવના.—હિંદુસ્તાનના ખ્રીસ્તીઓની સતાવણી સંબંધી વાત કરો, અને આ કરતાં પ્રેરિતોનાં કૃત્યમાં લખેલી અસલના ખ્રીસ્તીઓની સતાવણી કેટલી બધી ભારે હતી, તે થોડા શબ્દોમાં કહો. આ સતાવણીના એક આગેવાન સંબંધીની આપણી આજની વાત છે.

વાર્તા.

૧. બહુ સારા કુટુંબનો અને જુવાન યહુદી, સારી રીતે કેળવણી પામેલો, ધાર્મિક, દ્રવ્યવાન, ભારબોજવાળો, ખ્રીસ્તીઓને ધિક્કારનાર અને બધાં મારી નંખાય એને માટે મહેનત કરનાર, એ તાર્સસના શાઉલને છોકરાં પાસે ઓળખાવો.

૨. આ કામને માટે સિપાઇઓનું ટોળું લઇ દમસ્ક જવાની મુસાફરીનું વર્ણન કરો. આકાશથી પ્રકાશ વડે તે એકાએક પડી ગયો અને ઉંચે જોતાં ઇસુને જોયો, તે સંબંધી આબેહુબ વર્ણન કરો. (ઇસુ કેવી રીતે આકાશમાં ચઢી ગયો

હતો તે છોકરાંને યાદ છે?) શાઉલે જે કહ્યું તે, અને પ્રભુએ તેનો જે ઉત્તર આપ્યો તે કહો.

૩. દમસ્કમાં ઠાઠમાઠથી જવાને બદલે આ ગર્વિષ્ઠ માણસ આંધળો થઇ શહેરમાં કેવી રીતે દોરી જવાયો તેનું વર્ણન કરો. ત્યાં અનાનિયા તેને કેવી રીતે મળવા ગયો, અને તે ફરીથી કેવી રીતે દેખતો થયો, અને ખ્રીસ્તીઓને સતાવવાને બદલે તે તેમની જોડે કેવી રીતે મળી ગયો તે કહો.

લાગુકરણ.—છોકરાંને પૂછો કે તમે કોઇ પણ અજાયબ ધર્મબદલાણ વિષે જાણો છે? કદાપિ જો ન જાણતાં હોય તો, શિક્ષક હિંદુસ્તાનમાંના એવા એક જણ સંબંધી કહેશે. જો બની શકે તો તેજ જગ્યાનો કે તેજ પ્રાંતનો હોય તો ઠીક, કારણ કે તેથી આજે પણ ધર્મબદલાણો થાય છે તે છોકરાંને માલમ પડી આવશે.

પાઠ ૩૫ મો. એક સરકારી અમલદાર કેવી રીતે બચ્યો.

ફિલિપીનો દરોગો—પ્રે. કૃ. ૧૬; ૯–૪૦.

પાઠનો હેતુ.—એક પાપી માણસ કેવી રીતે બચ્યો, એ બતાવવાનો.

પ્રસ્તાવના.—શાઉલના ધર્મબદલાણ સંબંધી છોકરાંને યાદ કરાવો. તે કેવો મોટો ઉપદેશક થયો અને પોતે સતાવણી પામ્યો એ વિષે થોડાજ શબ્દોમાં કહો. તેનું નામ પણ બદલાયું અને તે પછી આપણે તેને પાઉલ એ નામથી હમેશાં ઓળખીએ છીએ.

વાર્તા.

૧. પાઉલ તથા સીલાસ કેવી રીતે યૂરોપખંડમાં બોધ કરવા ગયા અને ફિલિપીમાંના તેમનું કામ તથા તેમના પકડાવા સંબંધીની ટુંક હકીકત આપો.

૨. નિર્દય દરોગો અને આ બે બંદીવાનો પ્રત્યે તેની નિર્દય વર્તણુકનું વર્ણન કરો. તેનું આચરણ કેવું ખરાબ હતું તે સંબંધી છોકરાંને અસરકારક રીતે કહો.

૩. પાઉલ અને સીલાસે કેવી રીતે રાત ગુજારી તે કહો. ધરતીકંપ અને તેને લીધે બંદીખાનામાં જે પરિણામ થયું તેની હકીકત આપો. દરોગાની ધાસ્તી સંબંધી કહો. જો બંદીવાનો નાઠા હોય તો હું પણ મારી નંખાઈશ એવું જાણીને તેણે આપઘાત કરવાનું કર્યું.

૪. પાઉલે તેને કેવી રીતે અટકાવ્યો, તેણે તારણને માટે કેવી બૂમ પાડી, અને ઈસુ સંબંધી તેને શું કહેવામાં આવ્યું તે કહો. ખ્રીસ્તીઓ પ્રત્યેના તેના બદલાએલા વર્તનથી સાબિત થયું કે તે ખરેખરો બદલાયો છે, તેનું આબેહુબ વર્ણન કરો.

લાગુકરણ.—ધર્મબદલાણ થયા પહેલાંનો માણસ અથવા ધર્મબદલાણ થયા પછીનો માણસ, આ બેમાંથી કોના જેવા થવાનું આપણું મન છે? તે બચેલા માણસ જેવા આપણે થઈએ એવી કેટલીક સૂચના કરો.

પાઠ ૩૬ મો. એક છોકરો કેવી રીતે બચ્યો.

તીમોથી—પ્રે. કૃ. ૧૪; ૧–૨૨: ૧૬; ૧–૩.

પાઠનો હેતુ.—જેમ માણસો તેમ છોકરાં પણ બચાવી શકાય એ બતાવવાનો.

પ્રસ્તાવના.—યૂરોપખંડમાંના એક શહેરમાં પાઉલ તરફ કેવી વર્તણુક ચલાવવામાં આવી તે સંબંધી આપણે ગયે અઠવાડીએ સાંભળ્યું. આજે આપણે આશીઆના એક શહેર સંબંધી સાંભળવાના છીએ. જો નકશો હોય તો ફિલિપી, લુસ્ત્રા, અંત્યોખ એ જગ્યાઓ છોકરાંને શોધી કાઢવા દો.

વાર્તા.

૧. લુસ્ત્રા શહેરમાં તીમોથી નામે એક છોકરો રહેતો હતો. તેનો બાપ હેલેની હતો (પ્રે. કૃ. ૧૬; ૧), પણ તેની મા અને દાદી યહુદેણ હતી અને બહુ ભલી બાઇઓ હતી (૨ તીમો. ૧; ૫). તેમની ચોમેર મૂર્તિપૂજક લોક રહેતા, અને જે જે છોકરા જોડે તીમોથી નિશાળે જતો તે બધા મૂર્તિઓનું ભજન કરતા, પણ તીમોથીએ કદી મૂર્તિપૂજા કરી નહિ. ખરા દેવનું ભજન કરવાનું અને ધર્મલેખો વાંચવાનું (૨ તીમો. ૩; ૧૫) તેને ઘરમાં શિખવવામાં આવતું, પણ તેણે ઇસુ સંબંધી સાંભળ્યું ન હતું.

૨. લુસ્ત્રામાં પાઉલની પહેલી મુલાકાતનું, બજારમાં તેના બોધનું, લંગડો સાજો કરાયાનું, તેને ભજવાને લોકની ઇચ્છા અને છેવટે તેઓએ તેને પત્થરે કેવો માર્યો, એ સંબંધીનું વર્ણન કરો. તે વખતે તીમોથી આશરે ૧૬ વર્ષનો હશે. તેણે બોધ સાંભળ્યો અને તેજ મુલાકાતમાં ઉઘાડી રીતે ખ્રીસ્તી થયો (૧ તીમો. ૧; ૨). પાઉલ પત્થરના મારથી સાજો થયો ત્યારે તે કદાપિ રાતવાસાને માટે તીમોથીને ઘેર ગયો હશે.

૩. એ ત્રણ વરસ પછી પાઉલ પાછો લુસ્ત્રામાં આવ્યો અને ત્યાંના ખ્રીસ્તીઓ તરફથી તીમોથી સંબંધી બહુ સારી ખબર સાંભળી (પ્રે. કૃ. ૧૬; ૨). પોતાની જોડે મુસાફરીમાં એક જુવાનને રાખવાનું મન હતું તેથી તીમોથીને આવવા

પૂછી જોયું (પ્રે. કૃ. ૧૬ ; ૩). તે ખુશાથી ગયો અને લાંબા વખત સુધી પાઉલને મદદ કરી અને પોતે એક મોટો ધર્મ-બોધક થયો. પાઉલે તેના સંબંધી આ પ્રમાણે લખ્યું છે—(જુઓ ફિલિ. ૨; ૧૯–૨૩).

લાગુકરણ.—આપણે કેમ કરી તીમોથીના જેવા થઇ શકીએ? બૈબલ વાંચવાથી, ઇસુને આપણા ત્રાતા તરીકે માની લેવાથી, અને બીજાઓને તેના સંબંધી કહેવાથી તેના જેવા થઈ શકીએ.

પાઠ ૩૭ મો. ચોથા ખંડનું પુનરાવર્તન.

આ ખંડમાં

ત્રણ પાઠો, પાપનો પસ્તાવો તારણ ઉપજાવે છે, એ બતાવે છે.

ત્રણ પાઠો પ્રભુએ કેવી રીતે તારણ આપ્યું એ સંબંધી ખબર આપે છે.

ત્રણ પાઠો અદૃશ્ય ઇસુ પરના વિશ્વાસથી કેવી રીતે તારણ થાય છે તે વિષે જ્ઞાન આપે છે.

છોકરાં પાસે વાતો વાદ કરાવો. તારણ સંબંધી આપણે શું શું શીખ્યા છીએ?

૧. બધી જાતના લોકને તારણની અગત્ય છે. ૨. એકલો દેવ તારણ આપી શકે છે.

શી રીતે તારણ મેળવાય છે?

૧. પાપ મૂકી દેવાથી. ૨. ઇસુ પર વિશ્વાસ કરવાથી.

વાતોમાં આ સત્યતા કયાં શિખવેલી છે, એ છોકરાંને બતાવો.

છોકરાં તૈયાર છે એમ શિક્ષકને લાગતું હોય તો આ પુનરાવર્તન ઇસુને તેમના તારનાર તરીકે અંગીકાર કરવાની વિનંતી કરવાનો લાગ આપશે. આ વિનંતી બહુ ચોકસાઇથી કરવી જોઇએ. જો શિક્ષણ એટલે સુધી બરાબર અપાયું હશે, તો કેટલાંક છોકરાં હમણાં સ્વીકાર કરશે એવી આશા રખાય.

ખંડ પાંચમો.—ખ્રીસ્તી જીવન.

મુખપાઠની કલમો.—માત્થી ૫; ૧–૧૨.

પાઠ ૩૮ મો. વિશ્વાસ.

ઇબ્રામ દેશ મૂકે છે—ઉત્પ. ૧૨; ૧–૯: ૧૩; ૧૫–૧૮.

પાઠનો હેતુ.—આ ખંડની વાતથી ખ્રીસ્તી જીવનની ઉત્તમતા છોકરાં પાસે કબુલ કરાવવી જોઇએ. ઇબ્રામના દૃઢ વિશ્વાસની છોકરાંમાં પ્રશંસા ઉપજાવવી જોઈએ.

પ્રસ્તાવના.—જે લોક દક્ષિણ આફ્રિકામાં અથવા સામુદ્રધુની પરનાં સંસ્થાનોમાં જાય છે, તેઓ વિષે થોડાક સવાલો પુછો. તેઓ શા માટે જાય છે? નીકળવા પહેલાં તેઓને કામની નક્કી આશા હોય છે કે કેમ? જે જગ્યા સંબંધી તેઓ કંઈ જાણતા નથી અથવા જયાં કંઇ કામ હશે નહિ ત્યાં તેઓ જશે શું? પણ આજે આપણે એક માણસ કે જે પરદેશ વિષે કંઇજ જાણ્યા વગર તેમાં ગયો તેના સંબંધી સાંભળવાના છીએ.

વાર્તા.

૧. તેડું. કાસ્દીઓના ઉરમાં ઇબ્રામનું સુખદાયક ઘર, તેનાં ઘણાં સગાં, (ઉત્પ. ૧૧; ૨૫-૩૨) બહુ સુખ તથા આબાદી, એ સંબંધી કહો. પણ ઇબ્રામ ૭૫ વર્ષનો હતો, ત્યારે પ્રભુ તેની જોડે બોલ્યો અને તેને બીજા દેશમાં જવાનું કહ્યું.

૨. વિદાયગીરી. મુસાફરીને માટે તૈયારીનું વર્ણન કરો. ઇબ્રામને કંઈ છોકરાં ન હતાં, પણ તેના ભત્રીજા લુતને તેની જોડે જવાની મરજી થઇ. લુતને બે નાની છોડીઓ હતી અને વળી તેઓને કેટલાક ચાકરો હતા. તેઓની પાસે ઘેટાં તથા ઢોર અને સવારીને માટે કેટલાંક ઉંટ હતાં. તેમના સર્વ મિત્રોથી છુટા પડતાનો ચિતાર આપો.

૩. મુસાફરી. ઘેટાં ઉતાવળથી ચાલી શકે નહિ, માટે ધીમે મુસાફરી કરતા અને રાત પડે ત્યાં રાવટીમાં મુકામ નાખતા, એ સંબંધી કહો. તેમનું જુનું ઘર તથા સઘળા મિત્રોનો વિચાર આવતો ને હવે કદી તેમને જોવાના નથી એવું મનમાં આવતું. તે વખતે તેમને કેટલું દુઃખ થતું હશે તેની કલ્પના કરો. પણ દેવે ઇબ્રામને જવાનું કહ્યું હતું અને એક ઉત્તમ દેશ કે જેમાં તે દ્રવ્યવાન અને મોટો માણસ થશે એ આપવાનું વચન આપ્યું હતું તે તેણે જાણ્યું. તે દેશ સંબંધી પૂછપરછ કરવાને તે ખોટી થયો નહિ, પણ જે દિશામાં જવાનું દેવે તેને કહ્યું હતું તે દિશામાં તેણે આગળ વધ્યા કર્યું.

૪. નવો દેશ. છેવટે તેઓ એક સુંદર દેશમાં આવી પહોંચ્યા. દેશના ચિત્રને માટે ગણના ૧૩; ૨૩–૨૭, પુનર્નિયમ ૮; ૭–૯: ૧૧; ૯–૧૫ વાંચો. છોકરાંની આગળ સચિત્ર રીતે તેનું વર્ણન કરો. દેવે ફરી ઇબ્રામ જોડે વાત કરીને કહ્યું કે આ તારો નવો દેશ છે. તેની ઘણી સંપત્તિ સંબંધી કહો (ઉત્પત્તિ ૧૩; ૨).

લાગુકરણ.—છોકરાંના પ્રગણામાં કંઇ દુકાળ કે મરકી અથવા એવો કંઇ બારીક વખત હોય તો ઇબ્રામની માફક તેમને દેવ પર વિશ્વાસ રાખવાને ઉત્તેજન આપવું જોઇએ.

પાઠ ૩૯ મો. માફી.

યુસફ અને તેના ભાઈઓ—ઉત્પ. અધ્યાય ૪૧–૪૫.

પાઠનો હેતુ.—તેના ભાઇઓને માફ કરવું એ યુસફને માટે કેટલી બધી મોટી વાત હતી તે બતાવવાનો.

પ્રસ્તાવના.—છોકરાં પાસે બારમા પાઠની યાદ કરાવો. કેટલાક વખત પર આપણે તે વાત સાંભળી અને આ ભાઇઓએ એક બીજા સંબંધી કંઇક સાંભળ્યું તે દરમિયાનમાં ઘણાં વર્ષો વીતી ગયાં હતાં. આ દશ માણસોનાં અપરાધી અંતઃકરણ, અને જ્યારે જ્યારે તેઓ યુસફ સંબંધી વિચાર કરતા ત્યારે ત્યારે તેમને કેવું દુઃખ લાગ્યું, તે એ વાતની કલ્પના કરાવો. પણ નાના ભાઇનું શું થયું હતું?

વાર્તા.

૧. મિસરમાં યુસફને શું થયું હતું અને રાજ્યમાં તે માત્ર રાજાથીજ ઉતરતો બીજી પદવીએ શી રીતે ચઢગો હતો, તે બહુ ટુંકામાં કહો. (જુઓ અધ્યાયો ૩૯ અને ૪૦). તે હમેશાં સાચો અને પ્રમાણિક હતો તેથી દરેક જણ તેને માન આપતું અને તેનો વિશ્વાસ કરતું.

૨. ભયંકર દુકાળ અને તેને માટે તૈયારી કરવામાં દેવે યુસફને કેવું જ્ઞાન આપ્યું જેથી તેણે અનાજના બહુ ભંડાર ભર્યા અને સર્વ દેશના લોક અનાજ વેચાતું લેવા તેની પાસે આવતા તેનું વર્ણન કરો.

૩. એક દહાડો દશ માણસો અનાજ વેચાતું લેવાને આવ્યા અને યુસફે તેમને ઓળખી કાઢયા કે આ તો મારા ભાઇઓ છે, એનો ચિતાર આપો. તેઓએ તેને ઓળખ્યો? ઓળખ્યો હોત તો પહેલાંની માફક તેનો ધિક્કાર હમણાં કરત

શું! પોતાના પાપને લીધે તેઓ બહુ દુ:ખી છે એ યુસફે જાણ્યું ત્યાં સુધી હું કોણ છું એ કહેવાની તેની હિમ્મત ચાલી નહિ. યુસફ જોડે તેમની વાતચીત, તેમાંના એકને તેણે કેવી રીતે બંદીવાન કરી રાખ્યો, તેમનાં દોષિત અંતઃકરણ તેમને કેવાં દોષિત ઠેરાવતાં, તેમના પૈસા તેમના કોથળામાં કેવી રીતે પાછા મુકાયા અને ઘેર ગયા પછી તેમના અનુભવ સંબંધી તેઓએ યાકૂબને શું કહ્યું તે સંબંધી કહો.

૪. દુકાળ તો હજુએ ચાલુ રહ્યો ને ફરીથી તેમને ખોરાક લેવા જવું પડયું. બિન્યામીનને તેમની જોડે મોકલવાને તેઓએ કેટલી મુશ્કેલીથી યાકૂબને સમજાવ્યો, યુસફે કેટલી મમતાથી તેમનો અંગીકાર કર્યો, પાછા ઘર ભણી વળ્યા પણ કેવું પાછું જવું પડયું ને બિન્યામીનને હું મારા ચાકર તરીકે રાખીશ એવું યુસફે શા માટે કહ્યું તે કહો.

૫. ભાઈઓના સંતાપ અને યુસફની આગળ તેમનાં પાપની કબુલાતનું વર્ણન કરો. છોકરાંને જાણવા દો કે તેઓ ખરેખરા યુસફના કબજામાં હતા અને તેની મરજીમાં આવે તેમ તેમની જોડે વર્તી શકત પણ જે પળે તેણે જાણ્યું કે તેઓ દિલગીર છે તેજ પળે તેઓને મોકળે મને માફ કર્યું. તેણે પોતાને તેમની આગળ ઓળખાવ્યો તેનો ચિતાર આપો, અને તેના બાપને તેડાવ્યો અને બધાં તેની પાસે રહે એવું કર્યું તે ટુંકામાં કહો.

લાગુકરણ.—ઘેર કે નિશાળમાં આપણી રમતમાં બીજાઓને માફ કરવાના આપણને ઘણા લાગો મળે છે, અને આપણું જે નુકસાન કરે છે તેને માફ કરીએ છીએ, ત્યારે જે મન યુસફનું હતું તેજ આપણે પણ રાખીએ છીએ.

પાઠ ૪૦ મો. આજ્ઞાપાલન.

શમૂએલ અને એલી—૧ શમૂ. અધ્યાય ૧ અને ૩.

પાઠનો હેતુ.—છોકરાંઓને આજ્ઞાંકિત થવાને ઉત્તેજન આપવાનો.

પ્રસ્તાવના.—છોકરાંને ત્રીજા પાઠની યાદ દેવડાવો, અને તંબુની માફકનો મંડપ શાના જેવો હતો તેની તેમને યાદ છે કે નહિ તે જુઓ. ઘણાં વર્ષો સુધી દેવનું ભજન કરવાને લોકો તેમાં એકઠા થતા. માત્ર યાજકો તેમાં પેસતા, પણ આજે એક છોકરો તેમાં રહેવાને ગયો તે સંબંધી સાંભળીશું.

વાર્તા.

૧. હાન્નાહને છોકરૂં ન હતું માટે તે કેવી દુ:ખી હતી, એક છોકરાને માટે તેણીએ કેવા આગ્રહથી પ્રાર્થના કરી, દેવની સેવાને માટે તે છોકરાને આપવાનું તેણે કેવું વચન આપ્યું, અને દેવે તેની પ્રાર્થનાનો કેવો ઉત્તર આપ્યો, તે વિષે કહો. શમૂએલના સુખી ઘરનો ચિતાર આપો, અને તે મોટો થશે ત્યારે તેને દેવના ઘરમાં સેવા કરવાની છે એવો વિચાર સદા તેના મનમાં રાખી તે મોટો થતો ગયો તેની કલ્પના કરો.

૨. આખરે તેને જવાનો એટલે વાર્ષિક પર્વનો દહાડો આવી પહોંચ્યો. (તેની ઉમર નક્કી નથી. યહુદી છોકરાઓ હમેશાં બાર વર્ષે મંદિરમાં લઇ જવાતા તેથી કદાપિ શમૂએલ પણ તેટલીજ ઉમરનો હશે). રામાહથી શીલોહ સુધીની મુસાફરીનું વર્ણન કરો. પ્રભુ ઇસુ છોકરો હતો ત્યારે તે મંદિરમાં ગયો તેની છોકરાંને યાદ છે?

૩. માયાળુ ઘરડા યાજકની પાસે શમૂએલને મૂક્યો, બીજા યાજકોની માફક તેને પહેરવેશ પહેરાવ્યો (૧ શમૂ. ૨;:૧૧, ૧૮), અને યાજકોનું કામ શીખવા માંડ્યું તે કહો.

દેવના મંદિરમાં દીવાની સંભાળ રાખવી એ તેના ભાગનું કામ હતું. આખી રાત તે સળગતા રાખવા જોઇએ (લેવી. ૨૪; ૨, ૩). તેથી તે દીવા પાસે સૂઇ જતો અને એલી ઘરના બીજા ભાગમાં સૂતો. ૧ શમૂ. ૩ ; ૧૯ થી માલમ પડે છે કે તે કેવો છોકરો હતો.

૪. એક રાતે કોઇના બોલાવવાથી તે જાગી ઉઠયો. ખચિત તે એલીનો સાદ છે એમ ધાર્યું. તમને હાંક મારે છે ત્યારે તમે શું કરો છો? તમે ફરીથી તે હાંક સાંભળી શકો નહિ એ માટે શું નાસી જાઓ છો? રમત છોડી દેવાનું, અથવા ઉંઘ-માંથી ઉઠવાનું મન નથી માટે જાણે કે સાંભળતા ન હોય એવો ડોળ કરો છો? શમૂએલ એવો છોકરો ન હતો, પણ જે તેને કહેવામાં આવતું તે કરવામાં હમેશાં ખુશી અને આજ્ઞાંકિત હતો. દેવ તેને બોલાવતો તે વખતે ઉઠીને યાજક પાસે કેવી રીતે જતો અને ત્રીજી તથા ચોથી વાણી થઇ, એ સંબંધી આબેહુબ વર્ણન કરો. એલીને માટે અગત્યનો સંદેશો દેવે તેને સોંપ્યો તે કહો. બહુ ટુંકામાં સંદેશો આપો, અને એલીના દીકરાઓને બદલે લોકનો આગેવાન થવાને દેવનો પસંદ કરેલો તે એકલો શમૂએલજ હતો તે કહો.

લાગુકરણ.—ચોથી બાબતમાં આ સંબંધી કંઇક કહેવાયું છે. જેને ઉંચી પદવી અપાઇ તે તો એક આજ્ઞાંકિત છોકરો હતો, તે છોકરાંને બતાવો.

પાઠ ૪૧ મો. હિમ્મત.

દાઉદ અને ગોલ્યાથ—૧ શમૂ. ૧૭; ૧–૫૮.

પાઠનો હેતુ.—હિમ્મત દેવના સેવકોનું ચિહ્ન છે એ બતાવવાનો.

પ્રસ્તાવના.—તમારા જોએલામાંનો સૌથી ઉંચો માણસ કોણ છે? તે કેટલો ઉંચો છે? કોઇ પણ યોદ્ધા સંબંધી છોકરાને કહો. આજે એક યોદ્ધા સંબંધી આપણી વાત છે.

વાર્તા.

૧. ઇસ્રાએલ તથા પલિસ્તીઓના સૈન્યના મળવા સંબંધી કહો, અને પલિસ્તીઓના યોદ્ધાએ કેવી રીતે શાઉલના સૈન્યને સામા આવી જાઓ એમ કહ્યું તે વર્ણવો. ઇસ્રાએલીઓની બીક અને તેની સામા જવાની કોઈની છાતી ચાલી નહિ એ વિષે કહો.

૨. શાઉલના સૈન્યમાં જે ત્રણ ભાઇઓ હતા અને એક દહાડો તેમના બાપ તરફથી ભેટ લઇને અને તેમની ખબર પાછી ઘેર લઇ જવાનો તેમને નાનો ભાઈ દાઉદ કેવી રીતે આવ્યો તે કહો. તે જુવાન, જોરાવર, રૂપાળો અને યોદ્ધા સંબંધી સઘળું સાંભળવાને આતુર એવો તેને વર્ણવો.

૩. શાઉલ રાજા જોડેના દાઉદના મેળાપનો ચિતાર આપો. યોદ્ધાની તિરસ્કાર ભરેલી હોડ સ્વીકારવાને તેણે મન બતાવ્યું અને તેની સામે જવાનાં તેના શરીરબળનાં તેણે કેવાં પ્રમાણો આપ્યાં તે કહો. ફક્ત કેટલાક પથરા લઇને કેવી રીતે યોદ્ધાની સામે તે ગયો અને બહાદુરીનાં વચનો તેણે કહ્યાં તે વિશેષે કરીને ૪૫મી કલમ પર આધાર રાખીને સ્પષ્ટ રીતે વર્ણવો.

૪. યોદ્ધાને મારી નાખ્યો તેનો ચિતાર આપો.

લાગુકરણ.—દાઉદ કેટલો બહાદુર હતો? આપણે તેના જેવા બહાદુર છીએ? તમે કહેશો અમારે આવા બહાદુર થવાની જરૂર નથી કારણ કે અમારે કોઈ યોદ્ધાની જોડે લડવાનું નથી. ના, આપણે જબરા માણસ જોડે લડવાનું નથી

પણ મોટા પાપની જોડે લડવાનું છે; અને જ્યારે જ્યારે પાપની સામા થવાનું આવે છે, ત્યારે ત્યારે આપણે દાઉદના જેવા બહાદુર થઇએ એવું દેવ ચાહે છે.

પાઠ ૪૨ મો. સાક્ષી.

નાની છોડી અને નાઅમાન—૨ રાજા ૫; ૧-૧૫.

પાઠનો હેતુ.—છોકરાં સરખાંની સાક્ષીનું વજન બતાવવાનો.

પ્રસ્તાવના.—છોકરાઓએ કેવી રીતે દેવની સેવા કરી, એ સંબંધી બે વાતો આપણે શીખ્યા; એક છોકરો યાજક હતો ને બીજો છોકરો લડવૈયો હતો. એક નાની છોડી કે જેણે દેવની સેવા કરી તે વિષે હમણાં આપણે સાંભળવાના છીએ.

વાર્તા.

૧. નાની છોડી. તે યહુદેણ હતી પણ બંદીવાન તરીકે લઇ જવાઈ હતી અને ગુલામ તરીકે પરદેશમાં વેચાઇ હતી. ત્યાં તે એક શ્રીમંત બાઇની એટલે એક મોટા અને પ્રખ્યાત સરદારની સ્ત્રીની દાસી થવાની સ્થિતિએ પહોંચી હતી, તેનું વર્ણન કરો.

૨. સાક્ષી. આ શ્રીમંત કુટુંબમાં એક મોટું દુઃખ હતું એટલે નાઅમાન કોઢી હતો તે કહો. નાની છોડીએ પોતાના દેવને અને ભવિષ્યવાદીને કેવા સંભાર્યાં અને તેના દેવ સંબંધી તેની શેઠાણીને કહ્યું તે કહો.

૩. મુસાફરી. પોતાના રાજા પાસેથી ઓળખાણપત્ર લઇ નાઅમાન સમરૂન જવા કેવી રીતે તૈયાર થયો, અને પહેલાં તે ઈસ્રાએલના રાજા પાસે ને પછી એલીશા ભવિષ્યવાદીની પાસે શા માટે ગયો તે કહો.

૪. સાજાપણું. તેના કોઢથી તે કેવી રીતે સાજો કરાયો તેનું આબેહુબ વર્ણન કરો. આ બધું એક નાની છોડીની સાક્ષીને લીધે થયું !

લાગુકરણ.—તમે કદી ઇસુ સંબંધી કોઈને કહ્યું છે? છોકરા છોડીઓ શમૂએલ, દાઉદ અને આ નાની છોડીની પેઠે તેની સેવા કરે એવું પ્રભુ ચાહે છે. આપણે બધા કોઇને પણ પ્રભુ વિષે કહેવાને યત્ન કરી શકતાં નથી શું?

પાઠ ૪૩ મો. પરહેજગારી.

હેબ્રી છોકરા બાબેલમાં—દાનીયેલ ૧ ; ૧-૨૧.

પાઠનો હેતુ.—કેફી વસ્તુઓથી તદન પરહેજગાર રહેવાથી ફાયદો બતાવવાનો.

પ્રસ્તાવના.—છોકરાઓ સંબંધી આ એક બીજી વાત છે. તેઓ યહુદી હતા અને ગયા અઠવાડીઆની નાની છોડીની પેઠે પરદેશમાં બંદીવાન કરાએલા હતા.

વાર્તા.

૧. આ વખતે પુષ્કળ યહુદીઓ બંદીવાન કરાયા હતા અને બાબેલ કે જે તે વખતે દુનીઆમાં સૌથી મોટું શહેર હતું ત્યાં મોકલી દેવામાં આવ્યા હતા. સૌથી સારા જુવાન માણસો અને છોકરાઓને દરબારમાં સેવા કરવાને પસંદ કર્યાં હતા, તેઓમાં દાનીયેલ, શાદ્રાખ, મેશાખ અને અબેદ-નગો હતા. આ સઘળા પોતાના દેશમાં ઉચ્ચ કુટુંબના અને ઉચ્ચ પદવીના હતા. આ મૂર્તિપૂજક શહેરમાં ઘણા ગાફેલ અને અભક્ત સાથીઓની જોડે તેમની અભ્યાસી જીંદગીનું વર્ણન કરો.

૨. રાજાની મેજ પરથી તેમને માટે સારો ખોરાક અને દારૂ મોકલવામાં આવતો, પણ દેવ પર પ્રેમ કરનારા અને તેની સેવા કરનારા આ ચાર છોકરાઓએ તે સંબંધી વાંધો કાઢ્યો તે, અને દારૂ સિવાય અમને માત્ર અમારો સાદો ખોરાક ખાવા દો એવી તેમણે વિનંતી કરી તે, અને આસ્પનાઝ તેમના પર એટલો બધો રીઝ્યો હતો કે તેમની માગણી તેણે કબુલ કરી, એ વિષે કહો. દશ દહાડા પછી આનું પરિણામ કેવું થયું તે કહો, અને છોકરાંની આગળ સાફ રીતે કહો કે આ ચાર છોકરા માત્ર પરહેજી રાખવાથી બીજા બધા કરતાં બહુ ખૂબસુરત દેખાયા.

૩. ત્રણ વર્ષ પછી બધા અભ્યાસીઓ કેવી રીતે મહેલમાં આવ્યા, અને તેમના જ્ઞાનની તથા તેમની શારીરિક યોગ્યતાની છેવટની પરીક્ષા રાજાએ પંડે કરી તેનું આબેહુબ વર્ણન કરો. દાનીયેલ તથા તેના ત્રણ સાથીઓ ફરીથી સહજ રીતે પહેલા થયા તે બતાવો. અત્યાર પહેલાં કદી છોકરાંએ દાનીયેલ સંબંધી સાંભળ્યું હોય એવું તેમને યાદ છે? હા, સિંહોના બીલમાંથી જે છોડાવાયો તે એજ દાનીયેલ છે. બહુ દીર્ઘાયુષ્ય આપી દેવે તેને માન પમાડયું અને તેણે જે કર્યું તે સર્વમાં તેને આશીર્વાદિત કર્યો.

લાગુકરણ.—હાલ પણ દારૂ પીવો તે લોકને માટે સારૂં છે કે નઠારૂં? તમારા પોતાના ગામમાં દારૂથી જે જે માઠાં પરિણામ થાય છે તે છોકરાંને બતાવો અને આ ચાર છોકરાઓએ કર્યું તેમ દારૂ વિરૂદ્ધની ટોળીમાં જોડાવાને તેમને ઉત્તેજન આપો. (તમારી સભામાં વધારે બીડી કે તમાકુ પીવાની કુટેવ હોય તો તેનો પણ આમાં સમાવેશ કરો).

પાઠ ૪૪ મો. માયાળુપણું.

ભલો સમરૂની—લુક ૧૦; ૨૫-૩૭.

પાઠનો હેતુ.—છોકરાંમાં એક બીજા પર માયા કરવાનું ઉત્તેજન આપવાનો.

પ્રસ્તાવના.—આજે લુટારા સંબંધીની આપણી વાત છે. તમે કદી લુટારો જોયો છે? તમને કદી લુટારો મળે તો તમે શું કરો?

વાર્તા.

૧. ચાલી નીકળવું. એક માણસ યરૂશાલેમમાંનું તેનું ઘર મૂકી, સારાં લુગડાં પહેરી, યરેખો જવાને વહેલો નીકળે છે, તેનો ચિતાર આપો. (નકશા પર અંતર બતાવો અને ડુંગર ઉપરના એક શહેરમાંથી નીકળીને સપાટ જમીન પરના શહેરમાં જવાનું હતું તે ધ્યાનમાં લો).

૨. લુટારા. ઉભા ચઢાવવાળો, જંગલી અને નિર્જન રસ્તો, તેનું વર્ણન કરો. લુટારાની જોડે તેનું સામસામા મળવું તેની કલ્પના કરી તે વિષે છોકરાંને સાફ રીતે કહો. તેની લાચાર સ્થિતિ સંબંધી કહેવાથી મુસાફર પર તેમના મનમાં દયા ઉત્પન્ન કરાવો.

૩. યાજક. તેના પોતાના ધર્મનો યાજક પાસે આવતો ગયો તેમ તેમ તેને કેવી આશા થતી ગઈ હશે, અને કંઇક મદદ ન મળવાથી તેને કેવી નિરાશા ઉત્પન્ન થઈ હશે, તેની કલ્પના કરો.

૪. લેવી. આ બીજો ધાર્મિક માણસ (જુઓ ગણ. ૮) તે રસ્તે આવી ચઢયો તે કહો, અને છોકરાંને ફરીથી તેની નિરાશા લાગે છે, તેમ તેમ તેની તરફ તેમની દિલસોજીની ઉંડી છાપ પાડવાને મદદ કરો.

૫. સમરૂની. આ શ્રીમંત પરદેશી, તેનો દુશ્મન (યોહાન ૪; ૯) જનાવર પર બેસી તેની તરફ આવતો તેનું આબેહુબ વર્ણન કરો. આ વખતે ઘાયલ થએલા માણસને બીલકુલ આશા નહિ હોય, પણ તે માણસ જનાવર પરથી ઉતરી પડીને તેની પાસે આવ્યો, અને તેનાથી બની તેટલી મદદ આપી ત્યારે તેને કેટલો અચંબો લાગ્યો હશે તેની કલ્પના કરો. આ સમરૂનીનું કામ કેવું ઉત્તમ હતું તે છોકરાંને બતાવવા સાવચેત રહો, એ માટે કે તેને માટે તેમને ઘણી પ્રશંસા ઉપજે.

લાગુકરણ.—આ ભલા માણસ જેવા થવાને આપણે ઘાયલ થએલા માણસને રસ્તાની બાજુ પર પડેલો જોઇએ ત્યાં સુધી રાહ જોવાની જરૂર છે શું? ના, દરરોજ આપણે તેના જેવા થઇ શકીએ છીએ. એક બીજા પ્રત્યે, માબાપ પ્રત્યે કે બીજા લોક પ્રત્યે છોકરાં માયાળુ અને મદદગાર થાય એવી કેટલીક રીતો શિક્ષકે સૂચવવી જોઇએ.

પાઠ ૪૫ મો. આપવા વિષે.

વિધવાની દમડી—માર્ક ૧૨; ૪૧-૪૪.

વળી જુઓ નહે. ૧૦; ૩૨, ૩૩. લેવી. ૨૭; ૩૭, ૩૮. પુન. ૧૪; ૨૮, ૨૯: ૧૬; ૧૭.

પાઠનો હેતુ.—આપવું એ દેવ પ્રત્યેની આપણી સેવાનો અગત્યનો ભાગ છે એ બતાવવાનો.

પ્રસ્તાવના.—આ અભ્યાસક્રમના ૨૦મા પાઠમાં દેવને આપવાને માટે ઉત્તેજન આપેલું છે. જે નજરાણાં તે શ્રીમંત માણસો લાવ્યા, તે સુંદર અને મૂલ્યવાન હતાં તેનું વિશેષ વર્ણન કરતાં તે પાઠ છોકરાં પાસે યાદ કરાવો. આજે આપણે બીજા કોઇનાં નજરાણાં સંબંધી સાંભળવાના છીએ.

વાર્તા.

૧. મંદિર. જુદા જુદા લોકને માટે જુદાં જુદાં આંગણાંવાળું, જેની મોટી પરસાળમાં લોકો વખતોવખત બેસતા અને વાતો કરતા, તે સુંદર મંદિરનો ચિતાર આપો. મોટા દરવાજાની પાસે ભંડાર પણ હતો (વાંચો, ૨ રાજા. ૧૨; ૯).

૨. ભજનારાઓ. લોકો માંહે આવજા કરતા તે તપાસતાં એક દહાડો ઇસુ પોતાના શિષ્યોની સાથે પરસાળમાં બેઠો હતો. યાજકો જેઓ સીધા મંદિરમાં પેસી જતા, બીજા જેઓ યહુદી નહિ તેઓ માત્ર બહારના આંગણામાં જતા, ઘણા દ્રવ્યવાન, ભપકાદાર પોશાક પહેરેલા, ગર્વિષ્ઠ, સ્વસંતોષી માણસો, વળી ગરીબ જનો (પુરૂષ તથા સ્ત્રી) જેઓ પોતા તરફ લોકનું લક્ષ ખેંચવા ઇચ્છતાં ન હતાં,—એમાંનાં કેટલાંકનું વર્ણન કરો. તેઓ બધાં જતાં જતાં ધર્મપેટીમાં કેવી રીતે દાનો નાખતાં તે અને ઘણા દ્રવ્યવાનો મોટી રકમ આપતા અને કેટલાંક તો બહુ દમામથી નાખતા. તે બધાની હકીકત સંભળાવો.

૩. વિધવા. તેવામાં એક ગરીબ સ્ત્રી કે જે વિધવા હતી તે માંહે આવી. વિધવાઓ અને તેમની હાલત વિષે છોકરાંઓ જેટલું જાણતાં હોય તેટલું કહેવડાવો. આ સ્ત્રીના દેખાવનું, તેની શરમાળ રીતનું, તેનું નાનું સરખું દાન જે માત્ર એક પૈસાની બરાબર હતું, તેનું વર્ણન કરો. પ્રભુએ તેના વિષે શું કહ્યું, તે કહો. પણ એમ કેમ હોઇ શકે? શું દ્રવ્યવાનનું સોનું તે આ કરતાં વધારે મૂલ્યવાન ન ગણાય? લોકે કેટલું નાખ્યું કેવળ તે નહિ પણ તેમની પાસે બાકી કેટલુ રહ્યું તે પણ ઇસુએ જાણ્યું, અને તેણે જોયું કે દ્રવ્યવાનોની પાસે

એટલું બાકી રહ્યું હતું કે તેમના નાખવાથી તેમને કંઇ ખોટ પડે નહિ તેવું હતું; પણ આ વિધવાએ તો તેની પાસે જેટલું હતું તેટલું બધું નાખ્યું તેની સમજણ પાડો.

લાગુકરણ.—આપણે સાબ્બાથશાળાના ઉઘરાણામાં કે બીજે કોઇ વખતે દેવના કામ માટે આપીએ છીએ ત્યારે પ્રભુ એજ રીતે આપણાં દાનોનું માપ કાઢે છે. આપણી પાસે ઘણુંજ થોડું આપવાનું હોય તોએ જેમ વિધવાના પૈસાથી પ્રભુ રાજી થયો તેમજ આપણા થોડાથી તે પ્રસન્ન થશે. પણ જેમ મંદિરમાં લોક લાવ્યા તેમ આપણાથી બની શકે તેટલાં દાન દેવને માટે લાવવાને આપણે બધા યત્ન કરીએ. ઉઘરાણાને માટે પૈસા કેવી રીતે કમાઈ શકે તે વિષે શિક્ષકે શ્રમ અથવા સ્વનકાર સંબંધીની સૂચના છોકરાંને આપવી.

પાઠ ૪૬ મો. પ્રાર્થના.

યાએરસની દીકરીને સજીવન કરવી—લુક ૮ ; ૪૧–૫૬.

પાઠનો હેતુ.—પ્રાર્થનાનું માહાત્મ્ય બતાવવાનો.

પ્રસ્તાવના.—કયાં છોકરાં કદી માંદાં પડ્યાં તે પૂછો અને પછી તેમના મંદવાડ વિષે કહેવા દો. એક છોડી માંદી હતી તેના વિષે આજે આપણી વાત છે.

વાર્તા.

૧. કુટુંબમાં નાની છોડી. સુખી, વૈભવી અને ભક્તિવાન કુટુંબમાં આ એકજ છોડી હતી તેનો ચિતાર આપો. કાપરનાહુમમાંના સભાસ્થાનમાં તેના બાપનો હોદ્દો—જો કે આપણા પાળકની પદવીની બરાબર ન હતો, તો પણ કંઇક તેને મળતો હતો—તેનું વર્ણન કરો. ઇસુ સભાસ્થાનમાં આવતો

તેથી તેની જોડે તેમને કેવી રીતે ઓળખાણ થઇ હશે તે કહો (લુક ૪; ૧૬).

૨. માંદી પડેલી નાની છોડી. નાની છોડી માંદી પડી તે વખતે પણ ઘણા ઉપચાર કરાયા પણ કંઈ વળ્યું નહિ, પણ ઉલટી વત્તી માંદી થતી ગઈ તેને લીધે ઘરમાં કેટલું દુ:ખ થયું હશે તેની કલ્પના કરાવો.

૩. ઇસુને તેડવા જવું. કોઇએ સૂચના આપી કે જો ઇસુને ખોળી કઢાય તો કંઇક મદદ કરી શકે. યાઐરસ તેને શોધી કાઢવા ગયો. શહેરના જે સુંદર ભાગમાં તે રહેતો હતો તે મૂકીને ગરમ બજારમાં થઇને ઉતાવળે ગયો અને આખરે ઇસુનો પત્તો દરિયાકાંઠે તેને લાગ્યો તેનું વર્ણન કરો. લોકની મોટી ભીડમાં થઇને સાંકડા રસ્તામાં પાછા આવતાં તેમને જે મુસીબત નડી તે કહો, અને દુ:ખી સમાચાર લઇને આવતા ચાકરોનો ચિતાર આપો.

૪. મોતની ઓરડી. તેમનું ઘેર આવી પહોંચવું તેનો ચિતાર આપો, અને માના શોકની કલ્પના કરો. ૭ જણ ઓરડીમાં ગયાં તે સંબંધી કહો. આ નાની છોડી ફરીથી કેવી જીવતી કરાઈ અને પાછી તેની માને સોંપાઈ એ વિષે છોકરાં જેમ જેમ સાંભળે છે તેમ તેમ પ્રભુના પરાક્રમની અચરતી અને તે પ્રસંગના દુ:ખની લાગણી છોકરાંને થાય છે કે કેમ તે સંભાળો.

લાગુકરણ.—કોઈ માંદાં છોકરાં વિષે તમારામાંનો કોઈ જાણે છે? કોઈ વિષે છોકરાં જાણતાં હોય તો કહેવા દો, અથવા શિક્ષક એવાં એક બે માંદાં છોકરાં વિષે જાણતો હોય તો કહે. તેની નાની છોડી માંદી પડી ત્યારે યાઐરસે શું

કહ્યું? તેણે જેમ ઇસુને કહ્યું તેમ કહેવાને છોકરાંને સૂચના કરો. માંદાં છોકરાંને માટે શિક્ષક વર્ગમાં પ્રાર્થના કરે અને છોકરાં ઘેર માંદાને માટે પણ પ્રાર્થના કરે એવું તેમને ઉત્તેજન આપે.

પાઠ ૪૭ મો. નમ્રતા.

ઇસુ શિષ્યોના પગ ધુએ છે—યોહાન ૧૩; ૧-૧૭.

પાઠનો હેતુ.—પ્રભુની નમ્રતા બતાવવાનો અને તેના જેવા થવાની ઇચ્છા છોકરાંમાં ઉપજાવવાનો.

પ્રસ્તાવના.—દેવળમાં કે નિશાળમાં કે કોઇ મિત્રો ઘેર આવે તે વખતના સામાજીક જમણની વાત કરો. ઇસુએ પોતાના શિષ્યો જોડે જે છેલ્લું જમણ ખાધું તે વિષેની આપણી આજની વાત છે.

વાર્તા.

૧. જમણ. જ્યાં તેઓ એકલા હોઇ શકે એવી એક મેડી પરની નાની ઓરડી, કે જ્યાં રસ્તે જનારા લોકથી કે ઘરમાં આવનારા બીજાઓથી ખલેલ પહોંચે નહિ, બધા ભોંય પર કુંડાળું વળી બેઠેલા તે દેખાવનો ચિતાર આપો. ત્યાં કોણ હતા? તેમાંના કેટલાકનાં નામ આપણને યાદ છે? જમતાં જમતાં તેઓ શા સંબંધી વાત કરતા હતા? તેમના ગુરૂએ કહ્યું હતું કે હવે હું જવાનો છું અને તે ક્યાં જવાનો હતો તે તેઓએ જાણ્યું નહિ, માટે તેઓ બહુ શોકાતુર હતા.

૨. ધોવાનું.—જમણ પુરૂં થયું, ત્યારે પહેલવહેલો ઇસુ ઉઠયો. તેણે કેવી રીતે પાણી આણ્યું અને તેમના પગ ધોવાને માટે સઘળું તૈયાર કર્યું તેનું વર્ણન કરો. ધૂળવાળે રસ્તે થઇને

આવો છો ત્યારે પગ ધોવા એ કેવું સારૂં છે? આ તો નોકરનું કામ હતું, તો પણ ઇસુ પોતે તેમના પગ ધોવા લાગ્યો. વારાફરતી એક એકના પગ ધોતો અને તેમને સર્વને તાજા અને સુખી કરતો ગયો તે વખતની તેમની અજાયબી ધ્યાનમાં લો.

૩. પીતરનો વાંધો.—તેવામાં તે પીતર પાસે આવ્યો, ત્યારે પીતરે કેવો વાંધો ઉઠાવ્યો અને તેની શંકા પ્રભુએ કેવી રીતે દૂર કરી તે કહો.

૪. પછીની વાતચીત.—બધાના પગ ધોઈ રહ્યા પછી ઇસુએ પાણી લઇ લીધું. પછી તેની ઉપરનું લુગડું પાછું પહેર્યું, અને બીજાઓની જોડે બેઠો. તેમની વાતચીતનું વર્ણન કરો– ઇસુએ કહ્યું, "મને આમ કરતો જોવાથી તમને બહુ અજાયબી લાગે છે. મેં નમુનાને માટે તેમ કર્યું છે, કારણ કે જેમ મેં તમને કર્યું છે, તેમ તમે પણ બીજાઓને માટે પ્રેમી કામો કરો એવી મારી ઇચ્છા છે, અને બહુ નીચ દેખાતું કામ કરતાં પણ તમારામાં કોઇએ અભિમાન આવવા દેવો નહિ. બીજાઓને માટે કરેલું કોઇ કામ અપમાન ભરેલું નથી."

લાગુકરણ.—એ માનવાનું તમને અઘરૂં લાગે છે? કયાં કયાં કામો છોકરાંના મનમાં હલકાં ગણાય છે તે શિક્ષક જાણશે, પણ આમાંથી કંઈ પણ રીતે તેઓ બીજાને ખરેખરા મદદગાર થઈ શકે તો તેમનો અભિમાન તજી દેવાને અને પ્રભુના નમુના પ્રમાણે ચાલવાને તેમને ઉત્તેજન આપવું જોઇએ.

પાઠ ૪૮ મો. પાંચમા ખંડનું પુનરાવર્તન.

આ ખંડમાં જે ખ્રીસ્તી સદ્‌ગુણો વિષે વિવેચન કરાવ્યું છે તે છોકરાંને જોવા માટે લખવા જોઇએ. પછી જે વાતમાં દરેક સદ્‌ગુણ સમાએલો છે તે વાત છોકરાંને કહેવાનું કહો.

ખરા ખ્રીસ્તી જીવનમાં આ બધા સદ્‌ગુણો સમાએલા હોવા જોઇએ તે બતાવો. હમેશાં માયાળુ, ક્ષમાવાન, અને આજ્ઞાંકિત વિગેરે થવાને કેટલી મુશ્કેલીઓ નડે છે તે વિષે છોકરાંને સમજાવો. છોકરાંની આગળ વાતમાંનાં ભલાં માણસોને શિક્ષકે ખરેખરાં ધ્યાન ખેંચાય એવી રીતે આબેહુબ કર્યાં હશે તો તેમના જેવા થવાની ઇચ્છા તેઓ કરશે. એવી જીંદગી ગાળવાનું પરાક્રમ તે એકલો ત્રાતા આપી શકે છે તે તેમને બતાવવું જોઇએ.

ખંડ ૬ ઠ્ઠો—ભવિષ્યનું જીવન.

મુખપાઠની કલમો.—પ્રકટીકરણ ૭; ૯-૧૭.

પાઠ ૪૯ મો. સ્વર્ગ.

દેવનું નગર અને તેના વતનીઓ—પ્રકટીકરણ અધ્યાય ૨૧ અને ૨૨.

પાઠનો હેતુ.—સ્વર્ગીય શહેરમાં જવાને છોકરાંની ઇચ્છા ઉપજાવવાનો.

પ્રસ્તાવના.—ત્રીજા ખંડની મુખપાઠની કલમો (યોહાન ૧૪; ૧-૩) છોકરાંને યાદ કરાવો. જે જગ્યા તૈયાર કરવા ઇસુ ગયો છે તે સંબંધી આજની આપણી વાત છે.

૧. શહેર. સોનેરી રસ્તા, તેના કોટમાં કિંમતી પાષાણો જડેલાં, મોતીના દરવાજા, નદી, ઝાડો અને ફળો એ સર્વનો આબેહુબ ચિતાર આપો. એદન વાડીની છોકરાને યાદ છે? તેના કરતાંએ વળી આ જગ્યા સારી છે, કારણ કે ત્યાં દેવ તેના રાજ્યાસન પર, અને પ્રભુ ઇસુ તેના સર્વ મહિમામાં છે.

૨. તેના વતનીઓ.—સર્વ કુળોના લોકો, (પ્રકટી. ૭; ૯). (છોકરાં પાસે કેટલાંક કુળોનાં નામ બોલાવો). એટલે જે લોક વિષે બૈબલમાં વાંચીએ છીએ અને કેટલાકને આપણે જાણીએ છીએ (છોકરાં જાણતાં હોય તેવા કોઇનું નામ દો), તેઓ સર્વ ત્યાં છે, પણ એક વાતમાં તેઓ બધા સરખાજ છે, એટલે તેઓ ઇસુના કર્યાંથી તેમના પાપથી બચાવ પામ્યા છે (પ્રકટી. ૭; ૧૪). તેમનું સુખ અને તેઓ શું કરતા હશે તે વિષે કહો. ત્યાં ઘણાં છોકરાં પણ છે (ઝખા. ૮; ૫).

૩. જે વાનાં ત્યાં નથી તે.—આ વાનાં સંભાળથી ધ્યાનમાં રાખો, અને હમણાં છોકરાંને જેનો જેનો અનુભવ થાય છે એટલે સૂર્યનો તડકો, ભૂખ, દુઃખ, રડવું, વિગેરે તે વિશેષે કરીને બતાવો. ત્યાં કંઇ પણ પાપ નથી (પ્રકટી. ૨૧: ૨૭: ૨૨; ૧૫). આદમ અને હવા શા માટે વાડીની બહાર કાઢી મુકાયાં હતાં? પાપને લીધે. તેજ કારણ માટે દેવ સ્વર્ગમાં પાપને પેસવા દેશે નહિ.

૪. આપણે કેવી રીતે ત્યાં જઇ શકીએ?—અલબત આ સુંદર જગ્યા જોવાનું આપણ બધાંનું મન છે ખરૂં કે? આપણે શીખી ગયા કે ત્યાં પાપ મુદ્દલ નથી. ત્યાંના બધા લોકે પોતાનાં પાપનું નિવારણ ઇસુ પાસે કરાવ્યું છે. ત્યાં જતાંમાં આ થયું એમ તો નથી, પણ જેમ આપણે આ દુનીઆમાં છીએ તેમ તેઓ અહિં જીવતા હતા ત્યારે; ત્યાં જવાની તૈયારી કરવાનો વખત હમણાંજ છે, માટે જેમ તેઓએ કર્યું તેમજ ઇસુનો આપણા તારનાર તરીકે અંગીકાર કરવાથી અને આપણાં પાપ તેના પર મૂકી દેવાથી તૈયાર થઇએ.

લાગુકરણ.—ચોથી બાબતમાં આપેલું છે.

પાઠ ૫૦ મો. તેનું અસ્તિત્વ.

શ્રીમંત અને લાજરસ—લુક ૧૬ ; ૧૯–૩૧.

પાઠનો હેતુ.—આપણી ભવિષ્યની હાલતનો આધાર હાલની આપણી જીંદગી પર રહેલો છે એ બતાવવાનો.

પ્રસ્તાવના.—ભવિષ્યની જીંદગી સંબંધી, અને વિશેષે કરી શિક્ષાની બાબતમાં છોકરાંના વિચાર કેવા છે તે તેમની પાસે કહેવડાવો. બે માણસો મરી ગયા તે સંબંધી ઇસુએ એક વાત કહી તે હમણાં આપણે સાંભળીશું.

વાર્તા.

૧. શ્રીમંત. મોટું ઘર હતું, સુંદર વસ્ત્રો પહેરતો અને સારો ખોરાક ખાતો એ શ્રીમંતનું વર્ણન કરો. તે ઉદાર નહોતો પણ તે સખ્ત અને એકલપેટો હતો.

૨. લાજરસ. છોકરાંએ વખતોવખત જોયો હશે તેવો ગરીબ, ભિખારી, ફોલ્લાથી ઢંકાએલો, હમેશાં ભૂખ્યો, ને કંઇ ખાવા મળવાની આશા રાખતો શ્રીમંતના દરવાજા આગળ તાકી રહેતો, તેનું વર્ણન કરો. તે ભલો માણસ હતો, એટલે કદી જૂઠું બોલતો નહિ કે ખોટી રીતે પૈસા મેળવવાનું કરતો નહિ.

૩. થોડી વાર પછી શ્રીમંત મરી ગયો. તેનું ઘર બંધ કરાયું અને તેના સર્વ લોક બહુ દુઃખી થયા. ગરીબ ભિખારીને કોઇએ ત્યાર પછી તેના દરવાજા આગળ જોયો નહિ. શું, દ્રવ્યવાન મરી ગયો તેટલાજ માટે? ના, લાજરસ પણ મરી ગયો. તે બંનેનું શું થયું?

૪. ગયે અઠવાડીએ જે જગ્યા સંબંધી શીખ્યા તેમાં એટલે **સ્વર્ગમાં લાજરસના આનંદનું** વર્ણન કરો. આ

દુનીઆ પરનાં તેનાં સઘળાં દુઃખનો બદલો ભરી આપવાનેજ આ સઘળો આનંદ તેને અપાયો હતો? ના, તે સારો માણસ હતો તેટલાજ માટે દેવે તેને સ્વર્ગમાં લીધો. પણ શ્રીમંત કયાં હતો? તેની હાલત અને તેની માગણીનું વર્ણન કરો. તે કેમ દુઃખ ભોગવતો હતો? શું તેણે દુનીઆ પર સુખી જીંદગી ગાળી હતી તેટલા માટે? ના, પણ તે બહુજ એકલપેટો હતો અને સઘળું દ્રવ્ય પોતાનેજ માટે ખરચતો, અને બીજા લોક સંબંધી કદી વિચાર કરતો નહિ, તે માટે.

૫. તેમની સ્થિતિમાં હવે કંઇ પણ ફેરફાર થઇ શકશેજ નહિ, અને તેમની સદાની ભવિષ્યની જીંદગી તેમની પૃથ્વી પરની જીંદગી પરથી નિર્મિત થએલી હતી, એવું વિશેષે કરી ખુલ્લું જણાવતાં ઇબ્રાહિમ જોડેની શ્રીમંતની વાતચીત ટુંકામાં કહો.

લાગુકરણ.—આપણને પણ તેમજ થશે. હમણાં આપણે જેમ જીવીએ છીએ તેમ પરલોકમાં આપણે રહીશું. એકલપેટા કે દુષ્ટ માણસોને ઈશ્વર સ્વર્ગમાં આવવા દઈ શકતો નથી. સ્વર્ગમાં જવાને માટે જે જે કામ તેઓએ કરવાં જોઇએ તેવાં કામોની સૂચના છોકરાં પાસે કરાવો.

પાઠ ૫૧ મો. એક સંતનું સ્વર્ગારોહણ.

એલીયાહ—૨ રાજા ૨ ; ૧–૧૮.

પાઠનો હેતુ.—દેવના સેવકો આ દુનીઆ છોડે છે ત્યારે તેઓ સ્વર્ગમાં જાય છે એ ફરી બતાવવાનો.

પ્રસ્તાવના.—લોકો કેવી રીતે આ દુનીઆ છોડે છે? જે લોકો મરી ગયા છે ને પછી તેમનાં શરીરો દટાયાં હોય કે બાળી નંખાયાં હોય એવાંને છોકરાં ઓળખતાં હશે. જેણે

બહુ અજાયબ રીતે દુનીઆ છોડી એવા એક જણ સંબંધી આજે આપણે સાંભળીશું.

વાર્તા.

૧. ૬ ઠ્ઠો અને ૧૫ મો પાઠ છોકરાંને યાદ કરાવો અને એલીયાહે કેવું લાંબું અને બહુ મુસીબતભરેલું જીવન ગાળ્યું હતું તે કહો.

૨. તે ઘરડો થયો ત્યારે એક દહાડો દેવે તેને કહ્યું કે તારે આ દુનીઆ છોડી જવાનો વખત આવ્યો છે. તેની છેલ્લી મુસાફરી એલીશાએ તેનાથી વીખુટા પડવાની કેવી ના પાડી, અને કેવી રીતે તેઓએ યરદન નદી ઓળંગી, તેનું વર્ણન કરો.

૩. પછી એલીશાએ એક કૌતક જોયું. અગ્નિરથ, અને એલીયાહ કેવી રીતે જીવતો સ્વર્ગમાં લઈ જવાયો, તેનું વર્ણન કરો. પ્રભુ ઇસુ સ્વર્ગમાં ચઢી ગયો (પાઠ ૨૬ મો) તે રીતની આ વાત આપણને યાદ દેવડાવે છે. એલીયાહ સ્વર્ગમાં જીવતો છે એવું બીજું પ્રમાણ આપણે જાણીએ છીએ? રૂપાંતરના પહાડ પર જે દેખાયા તેમાંનો એક એલીયાહ હતો, તેની યાદ છોકરાંને છે કે કેમ તે જુઓ (પાઠ ૨૩ મો).

લાગુકરણ.—મરવા વિષેનો વિચાર કરીએ છીએ ત્યારે આપણને બીક લાગે છે શું? જો આપણે ઇસુ પર પ્રેમ કરીએ તો બીવું ન જોઇએ. એલીયાહને માટે મોકલ્યા તેમ તે આપણે માટે અગ્નિરથ મોકલશે નહિ. આપણાં શરીરોને પછવાડે મુકીને જવું પડશે, પણ દૂત આવીને આપણને તે સુંદર શહેરમાં લઇ જશે.

પાઠ પર મો. ન્યાયચુકાદો.

દેશજાતિઓને એકઠી કરવી—માત્થી ૨૫; ૩૧–૪૬.

પાઠનો હેતુ.—આપણુ સર્વ પર કેવી રીતે ન્યાયચુકાદો ઠરાવવામાં આવશે એ બતાવતાં યથાર્થ વર્ત્તણુકની અગત્ય પર ફરી એક વાર ભાર મૂકવાનો.

પ્રસ્તાવના.—શા માટે પરીક્ષા લેવાય છે? આપણે પાઠો બરાબર શીખ્યા છીએ કે નહિ તે બતાવવાને. છોકરાંએ કાંઇ પરીક્ષા આપી હોય તો તે સંબંધી તેમની પાસે વાત કરાવો. કોઇ દહાડો પ્રભુ ઇસુ દરેક જણની મોટી પરીક્ષા લેશે, અને આપણે તૈયાર થઇએ એ માટે તે સંબંધી તેણે આગળથી આપણને ચેતવણી આપી છે.

વાર્તા.

૧. મોટા સમુદાયનો ચિતાર આપો. કેવો તાજુબી-ભરેલો દેખાવ! દરેક જણ ત્યાં હાજર થશે એટલે સ્વર્ગમાંના જે લોક સંબંધી આપણે થોડાંક અઠવાડિયાં પર સાંભળ્યું તેઓ અને જેઓએ ભુંડાં ને નિર્દય કામો કર્યાં છે પણ ઇસુ પાસેથી પાપ નિવારણ સ્વીકાર્યું નથી તેઓ બધા ત્યાં ભેગા થશે. તે દેખાવની કલ્પના કરવાને છોકરાંને શકિતમાન કરવા યત્ન કરો.

૨. જુદાપણા વિષે. એટલે ભલા લોકો એક બાજુ, અને ભુંડા બીજી બાજુ પર ઉભા રહેશે તે કહો. ઘેટાંપાળકને ટોળાંને જુદાં પાડતો છોકરાંએ કદી જોયો છે? તેજ રીતે પ્રભુ આપણા બે ભાગ પાડશે. પાછલા પાઠોમાં છોકરાં શીખી ગયાં છે તેવા કેટલાક માણસનાં નામ છોકરાં પાસે બોલાવો, અને તેઓ કઇ બાજુ પર હશે તે કહેવડાવો.

૩. દેવ ભલા માણસોને કેવી રીતે વખાણશે અને તેઓએ યાં સારાં કામો કર્યાં છે તે સંબંધી તેઓને કહેશે તેનું આબે-બ વર્ણન કરો. તે કામો આપણે કરી શકીએ તેવાં છે? ઇ પણ દયાનું કામ તેઓ એક બીજાને માટે અથવા બીજા ાકને માટે કરે તે પણ પ્રભુ ઈસુના ધ્યાનમાં આવશે, અને ણે કે તે મારેજ માટે કર્યું છે એમ તે ગણશે એવું છોકરાંને તાવો. આ લોક માટેના આશીર્વાદ તથા તેમના આનંદ ંબંધી કહો (૩૪ મી કલમ).

૪. ન્યાયાધીશ ભુંડા લોકને શું કહેશે તે થોડા શબ્દોમાં હો. તેઓએ કદી દેવ સંબંધી અથવા બીજા લોકો સંબંધી ચેચાર કર્યો નહિ, પણ કેવળ પોતાનેજ માટે અને મોજમઝા ાણવાજ જીંદગી ગાળી હતી. દેવની સન્મુખથી સદાને માટે ેઓ કાઢી મૂકાય છે તે વખતની તેમની નિરાશા અને :ખનું વર્ણન કરો.

લાગુકરણ.—સરકારી પરીક્ષાને માટે કેવી રીતે આપણે ંયાર થઇએ છીએ? દેવની પરીક્ષાને માટે તૈયાર થઇ શકીએ ું? હા. છોકરાંની દરરોજની ચાલની પરીક્ષા લેવાશે તે તેઓ મજે છે કે કેમ, તે શિક્ષકે જોવું જોઇએ. અને જે કામોનું ખાણ કરાય તેવાં કામો તેમને દેખાડવાં.
